# શ્રી રેવાભાઈ પટેલ સ્મારકમાળાનાં અન્ય પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧. | મુંડકોપનિષદ | સંપા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ | ૨.૦૦ |
| ૨. | શ્રીમદ્ ભાગવત | સંપા૦ ગોપાળદાસ પટેલ | ૩.૫૦ |
| ૩. | પ્રાચીન સાહિત્ય | લે૦ રવીન્દ્રનાથ ઠાકુર<br>અનુ૦ મહાદેવ દેસાઈ અને<br>નરહરિ પરીખ | ૨.૨૫ |
| ૪. | સુખમની | પાંચમા શીખગુરુ અર્જુનદેવ કૃત<br>અનુ૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ | ૨.૦૦ |
| ૫. | ઇસ્લામનો સુવર્ણયુગ | લે૦ ચૂનીલાલ પુ૦ બારોટ | ૧.૨૫ |
| ૬. | યોગ એટલે શું? | સંપા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ | ૩.૨૫ |
| ૭. | સેવાધર્મ | લે૦ અપ્પાસાહેબ પટવર્ધન<br>અનુ૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે | ૨.૫૦ |
| ૮. | કેનોપનિષદ | સંપા૦ મગનભાઈ પ્ર૦ દેસાઈ | ૧.૭૫ |

પ્રાપ્તિસ્થાન
**નવજીવન કાર્યાલય**
**અમદાવાદ–૧૪ : મુંબઈ–૨**

# ભક્તરાજ

[જોન બનિયન કૃત ‘ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ’ને આધારે]

ગુજરાતીમાં ઉતારનાર

**મુકુલભાઈ કલાર્થી**

મૂ. ... મોટા ચેરિટેબલ ટ્રસ્ટ
જાહેર ... ની ન. ઈ ...૩૦ અમદાવાદ
તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા – ૧૨

# ભક્તરાજ

[જૉન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને આધારે]

ગુજરાતીમાં ઉતારનાર

**મુકુલભાઈ કલાર્થી**

अप-बल, तप-बल और बाहु-बल, चौथा है बल दाम ।
सूर किशोर कृपासे सब बल हारेको हरिनाम ।।

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪
મુદ્રક
શાંતિલાલ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦
પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
**નવજીવન કાર્યાલય**
**અમદાવાદ–૧૪**

રૂ. ૧.૨૫ ડિસેમ્બર, ૧૯૭૦

# પ્રકાશકનું નિવેદન

શ્રી મુકુલભાઈએ આ પુસ્તક કેટલાક વખત ઉપર તૈયાર કરેલું, તેને હપતે હપતે 'લોકજીવન'માં તે આપતા જતા હતા. હવે તે પુસ્તકાકારે બહાર પાડતાં આનંદ થાય છે.

તે સ્વ૦ શ્રી જીવાભાઈ રેવાભાઈ પટેલે તેમના પિતાજીના સ્મારક રૂપે ચલાવવા આપેલા દાનમાંથી ચાલતી ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થાય છે. આ ગ્રંથમાળામાં ધર્મદૃષ્ટિ અને વિચારમય જીવન પ્રેરે એવા કોઈ પણ ગ્રંથો ઉતારવાની નેમ રાખી છે. આવી ઉદાર દૃષ્ટિ આ ગ્રંથમાળાની ખાસિયત છે. તેથી ખ્રિસ્તી જગતમાં નીવડેલું આ પુસ્તક તેમાં ઊતરે છે એ ઉચિત છે.

મૂળ અંગ્રેજી પુસ્તક આના કરતાં અનેકગણું મોટું છે. અંગ્રેજી સાહિત્યનાં વિરલ થોડાં પુસ્તકોમાં એની ગણના થાય છે. બલકે, તે એક ધર્મપુસ્તક પણ છે. અને શ્રી. મલ્લિકજી એમના આદિવચનમાં કહે છે એમ, તેનો નંબર ખ્રિસ્તી જગતમાં બાઇબલ પછી આવે છે. તેનો આટલો સરળ અને પ્રવાહી સારાનુવાદ મુકુલભાઈએ કરી આપીને ગુજરાતી સાહિત્યમાં કીમતી ઉમેરો કર્યો છે. નાના વિદ્યાર્થીઓ તેમ જ પ્રૌઢ શિખાઉ માટે આથી સારી વાચનસામગ્રી મળી રહેશે.

ચોપડીનું મૂળ નામ, ગુજરાતીમાં અનુવાદ કરીને કહું તો, 'જીવાત્માની ધર્મયાત્રા' છે. આપણે આ જગતમાં મુસાફર છીએ; પ્રભુધામથી નીકળ્યા છીએ ખરા, પણ ભવાટવીમાં ભૂલા પડ્યા છીએ; તેથી તે ધામે—સ્વધામે પાછા ફરવા મથીએ છીએ. આ યાત્રાનો હેવાલ આપવાની શૈલીમાં બનિયને તેની આ રૂપકકથા લખી છે. એમ એણે જીવાત્માનાં વિકાસ અને ઉન્નતિની આંતરકથા કહી છે.

આ કથા બનિયનને પોતાના જીવનમાંથી જડેલી — જાતઅનુભવની યાત્રા તે હતી. તેથી તેના જ જીવનનો હેવાલ આપતી રૂપકકથા તે હતી. આ જાતની સત્યનિષ્ઠાને લઈને આ કથા અંગ્રેજી સાહિત્યમાં એક ચીજ તરીકે પણ પંકાઈ છે. મુકુલભાઈએ બનિયનની ટૂંકી જીવનકથા આપી છે, તે પરથી પણ વાચક આ જોઈ શકશે.

પુસ્તકનું નામ 'ભક્તરાજ' મુકુલભાઈએ ગાંધીજી પાસેથી મેળવ્યું છે, એમ જણાવે છે. કથાનાં બીજાં કેટલાંક નામ પણ એમ જ એમને લાધ્યાં છે, જે તેમણે જણાવ્યું છે. ગાંધીજી ઈ. સ. ૧૯૨૭માં એક વર્ષ ક્ષેત્રસંન્યાસ લઈને આશ્રમમાં જ રહ્યા હતા. ત્યારે આશ્રમવાસીઓના સામાન્ય જ્ઞાન માટે પોતે કાંઈક કરવું ઘટે, તે પરથી તેમણે આ ચોપડીનો સાર કહેવાનો વર્ગ શરૂ કરેલો. તે જ અરસામાં વિદ્યાપીઠમાં બાઇબલનો વર્ગ પણ લેવા માટે તે આવતા. આ ચોપડી જોઈ મને તે દિવસો યાદ આવ્યા. એમનાં એ કથા પરનાં પ્રવચનો કેટલાક આશ્રમવાસીઓ પાસે કદાચ નોંધ રૂપે સંઘરાયેલાં હશે. નાનાં બાળકો પણ બાપુજીના આ વર્ગમાં જોડાતાં અને હોંશે હોંશે જીવાત્માની આ કથા, મુસાફરીના હેવાલ રૂપે, સાંભળતાં. એ લહાવો આજે પણ સૌ લઈ શકે તે માટેનો શ્રી મુકુલભાઈનો આ પ્રયત્ન આવકાર પામશે, એ આશાથી આ પ્રસિદ્ધ કરવામાં આવે છે. કથા સચિત્ર છે, તેથી બાળકોને વિશેષ રમૂજ પડશે માનું છું. અન્ય ભાષાઓમાં નીવડી ચૂકેલું સાહિત્ય આ ઢબે જો ગુજરાતીમાં ઉતારાય તો ઉત્તમ. આ પુસ્તક તે રીતેય આવકારપાત્ર ઠરે છે. શ્રી મલ્લિકજીએ ઉપોદ્ઘાત લખી આપ્યો તે માટે તેમનો આભારી છું. તેમણે તેમાં બતાવેલી આશા ફળો કે, આ પુસ્તક તેના વાંચનારનું જીવન ઘડવામાં પણ કારણ બનો.

૧૭-૧-'૫૭

# પ્રભુપ્રેમની પ્રસાદી

એમ કહેવાય છે કે, ખ્રિસ્તી ધર્મનો સાર ઈશુ ખ્રિસ્તની વાણી 'સર્મન ઑન ધી માઉન્ટ' — ગિરિપ્રવચનમાં રહેલો છે અને આ 'ગિરિપ્રવચન'નો સાર આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં અમેરિકાના એક ખ્રિસ્તી ભાઈએ કહ્યું હતું એમાં રહેલો છે: 'In the spirit of the Second Mile'. એ કથનની મતલબ એ છે કે, ઈશુના એ ઉપદેશમાં તે આપણને એમ કહે છે કે, તમને જો કોઈની સાથે ચાલવા માટે અથવા એનો બોજો ઊંચકવા માટે એક માઈલ સુધી જવાનું કહે, તો આપણે ઉત્સાહ અને આનંદથી બે માઈલ જવાની તૈયારી બતાવવી જોઈએ; અને એ રીતે એની જે કાંઈ જરૂરિયાત હોય તેનાથી વધારે કંઈ કરી આપવું. એ જ વ્યાખ્યા પ્રેમની પણ છે. તેથી ઈશુની વાણીનો સાર કે મર્મ એક જ શબ્દમાં કહી શકાય: 'પ્રેમ' — પ્રભુ માટે પ્રેમ અને સૌ પ્રાણીઓ માટે પ્રેમ. એ કારણે જ ખ્રિસ્તી લોકોના ધર્મશાસ્ત્રનું જે તત્ત્વ છે એનો પ્રભાવ લગભગ ૨૦૦૦ વર્ષોથી જગતની સાધના-પદ્ધતિ અને સાહિત્ય પર ઘણો પડ્યો છે.

બાઇબલ સિવાય ઈશુના ઉપદેશને સમજાવતાં અને જીવનને ઉજ્જ્વળ બનાવતાં બીજાં બે પ્રખ્યાત પુસ્તકો છે: થોમસ એ. કેમ્પિસનું 'ઇમિટેશન ઑફ ક્રાઇસ્ટ' અને જોન બનિયનનું 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'. શ્રી મુકુલભાઈએ આ બીજા પુસ્તકનું રૂપાન્તર આ પુસ્તક 'ભક્તરાજ'માં કર્યું છે. તેમાં એક અજ્ઞાત ભક્તજનનાં કેટલાંક ભજનો પણ એમણે ટાંક્યાં છે. તેથી મૌલિક પુસ્તકનો જે સાચો ભાવ છે તે ઘણી સુંદર રીતે સાચવવામાં આવ્યો છે.

'ભક્તરાજ' વાંચતાં વાંચતાં વાંચનારને વારંવાર એવો વિચાર આવ્યા વિના રહેતો નથી કે, તે તો આજ સુધી 'દોઢડાહ્યા'ની વાત સાંભળીને જ પોતાનું જીવન પસાર કરતો આવ્યો છે! તેથી તેનાં દિલ

તથા મનમાં ન તો માનવજાતિ માટે સાચી અને નિઃસ્વાર્થ પ્રીતિ ઉદ્ભવી છે કે ન તો પ્રભુ પ્રત્યે ભક્તિ. જેને તે પ્રેમ સમજતો આવ્યો છે તે તો મોહ જ છે. મોહ અને પ્રેમમાં તફાવત એટલો જ કે, મોહની પાછળ પોતાની જે કાંઈ જરૂરિયાત હોય તેને સિદ્ધ કરવાનો હેતુ હોય છે અને પ્રેમમાં પોતાની જરૂરિયાતની હદને પાર કરીને ચેતનાના એક એવા જગતમાં પ્રવેશ કરવાનો હોય છે જ્યાં સૌના કલ્યાણમાં વ્યક્તિગત લાભ અથવા કલ્યાણનો સમાવેશ થઈ જાય છે. જો પેલા અમેરિકન ખ્રિસ્તી ભાઈના શબ્દોમાં કહીએ તો મોહ છે The Spirit of the First Mile અને પ્રેમ છે The Spirit of the Second Mile.

ટૂંકામાં, દરેક ધર્મ — અને એવી જ રીતે ખ્રિસ્તી ધર્મ — નો મર્મ એટલામાં જ રહેલો છે કે, માણસમાં પોતાનો સ્વાર્થ જ સિદ્ધ કરવાની જે સ્વાભાવિક વૃત્તિ રહેલી છે તેનાથી જ તે સંતુષ્ટ ન થઈ જીવનમાં સાધના દ્વારા સર્વ પ્રત્યે પ્રેમ રાખવાની વૃત્તિ કેળવે. દરેક સાચી સાધનાનો ઉદ્દેશ પણ એ જ છે. અને એવો જ ભાવ 'ભક્તરાજ'માં ધર્મદૂતની વાણી અથવા ઉપદેશની પાછળ રહેલો માલૂમ પડે છે. તેથી માણસ જલદીમાં જલદી પોતાના મનમાં નક્કી કરી લે કે, જીવનમાં તે દોઢડાહ્યાની શિખામણ પ્રમાણે ચાલવાનું રાખશે કે ધર્મદૂતની પ્રાણવંત અને પ્રેરણાદાયી શિખામણ પ્રમાણે? આ નક્કી કર્યા પછી એ જો ધર્મદૂતને પગલે પગલે ચાલવાનો પ્રયત્ન કરશે, તો એ પણ ભક્તરાજની જેમ શાંતિ અને આનંદનો અનુભવ કરી શકશે.

મારી એવી નમ્ર પ્રાર્થના છે કે, આ પુસ્તકનાં વાંચનારાંઓ ફક્ત એને વાર્તા રૂપે વાંચીને તેનાથી સંતુષ્ટ નહીં થાય, પરંતુ આ પુસ્તકને પોતાના જીવનને આધ્યાત્મિક વલણ આપવામાં સહાયરૂપ થાય એવા મિત્ર તરીકે સમજશે.

ગુરુદયાલ મલ્લિક

# જોન બનિયનનું સંક્ષિપ્ત જીવનચરિત

જોન બનિયનનો જન્મ ઇંગ્લંડમાં આવેલા બેડફૉર્ડ શહેર પાસેના એલ્સ્ટો નામના ગામમાં ઈ. સ. ૧૬૨૮માં થયો હતો. તેના પિતાશ્રી થૉમસ બનિયન ગરીબ સ્થિતિના હતા અને ધાતુનાં જૂનાં વાસણ સાંધવાનું કામ કરતા હતા.

જોન બનિયન બહુ ઓછો વખત શાળામાં ગયો હતો. તેની કિશોરાવસ્થાનો ઘણોખરો સમય રખડુ છોકરાઓ સાથે હરવા-ફરવામાં પસાર થયો હતો. તે ઈશ્વરનો ડર રાખ્યા વિના સ્વચ્છંદી જીવન જીવતો હતો. પરંતુ તેના જીવનમાં પલટો લાવે એવો બનાવ ઈ. સ. ૧૬૪૪માં બન્યો. એ સાલમાં તેનાં બા ગુજરી ગયાં. તેથી તેને ભારે આઘાત લાગ્યો. વળી થોડા જ વખતમાં તેના પિતાએ બીજી વાર લગ્ન કર્યું. જોન બનિયનને એ પસંદ ન પડવાથી તે ઘર છોડીને ચાલ્યો ગયો.

તે અરસામાં ઇંગ્લંડના રાજાની સામે પ્રજાનો આંતરવિગ્રહ ચાલતો હતો. એટલે તે પાર્લમેન્ટના પ્રજાપક્ષમાં સૈનિક તરીકે જોડાયો અને બે વર્ષ સુધી તેણે એ કામ કર્યું. એ વખત દરમ્યાન તેના જીવનમાં એક બીજો બનાવ બન્યો, જેને તે નિયતિનો અનુગ્રહ માનતો હતો. એક વાર તે પોતાને કામે પહેરો ભરવા સારુ જતો હતો, ત્યારે તેના એક સોબતીએ તેને કહ્યું: "તારે બદલે મને જવા દે." બનિયને તેને પોતાની જગ્યાએ જવા દીધો. પરંતુ ભાગ્યવશાત્ એવું બન્યું કે, જ્યારે તેનો સોબતી પહેરો ભરતો હતો, ત્યારે સામા પક્ષવાળાએ બંદૂકની ગોળી તેના પર છોડી અને તે બાપડો મરણ પામ્યો.

આંતરવિગ્રહ બંધ થતાં તે પાછો પહેલાંની માફક સ્વચ્છંદી જીવન જીવવા લાગ્યો. તેમાં આશરે ઓગણીસ વર્ષની વયે તેણે લગ્ન કર્યું. તેની પત્ની ગરીબ કુટુંબની હતી, પરંતુ ધાર્મિક હતી. તે પોતાને ઘેરથી 'ધી પ્લેન મૅન્સ પાથવે ઇન હેવન' તથા 'ધી પ્રૅક્ટિસ ઑફ પાયટી' નામનાં બે ધાર્મિક પુસ્તકો લઈ આવી હતી. પોતાના પતિનું સ્વચ્છંદી જીવન જોઈને પત્ની બહુ વિચારમાં પડી જતી. તે પોતાના

પતિને ધર્મ અને સદાચારને માર્ગે વળવા સમજાવ્યા કરતી. તેણે એ બે પુસ્તકો જૉન બનિયનને વાંચવા આપ્યાં. એ પુસ્તકો વાંચતાં જૉન બનિયનને ધર્મનું જ્ઞાન થયું. તે દેવળમાં પ્રાર્થના કરવા પણ જવા લાગ્યો. પરંતુ તેનામાં હજી જોઈએ તેટલી ધર્મભાવના જાગી ન હતી.

ત્યાર પછી તેના જીવનમાં ત્રીજો મહત્ત્વનો બનાવ બન્યો. તે એક વાર પોતાના કામ માટે જતો હતો, ત્યારે તેણે ત્રણ સ્ત્રીઓને તડકામાં એક બારણા આગળ બેસીને વાતો કરતી સાંભળી. તેમની વાતમાં તેને રસ પડતાં તે જરા દૂર ઊભો રહી એ સાંભળવા લાગ્યો. એ ધાર્મિક બાઈઓની આધ્યાત્મિક અને જીવનપ્રેરક વાતોની તેના મન પર ઊંડી અસર પડી. ત્યાર પછી ચાર વર્ષ સુધી તે તીવ્ર ધર્મમંથનમાંથી પસાર થયો. આ મંથનકાળની વાત તેણે પોતાના એક પુસ્તક 'ગ્રેસ એબાઉન્ડિંગ ટુ ધી ચીફ ઑફ સિનર્સ'માં કરી છે.

બે વર્ષ પછી તે બેડફૉર્ડ શહેરમાં રહેવા ગયો. ત્યાં તેની ભલી પત્ની પોતાની પાછળ ચાર નાનાં બાળકોને મૂકીને અવસાન પામી! આ દુઃખદ પ્રસંગથી તે વધુ ગંભીર બન્યો. હવે તે પૂરેપૂરો ધર્મપંથે વળી ગયો. તે ખ્રિસ્તી સંપ્રદાયના 'નૉન્કૉન્ફર્મિસ્ટ' પક્ષમાં દાખલ થયો અને એ લોકોની સભામાં જવા લાગ્યો. ત્યાં જૉન ગીફર્ડ નામના ઉપદેશકનાં પ્રવચનોની તેના મન પર ઊંડી અસર પડી અને આગળ જતાં તે પણ ઉપદેશક પદે નિમાયો. તેનામાં વક્તૃત્વ શક્તિ સારી હતી અને તેનાં પ્રવચનોમાં જાત-અનુભવની ઘણી વાતો આવતી. તેથી લોકો તેના તરફ વધારે આકર્ષાવા લાગ્યા. આ જોઈને જૂના વિચારના પાદરીઓ તેની વિરુદ્ધમાં પ્રચાર કરવા લાગ્યા. તેઓને થતું કે, 'આ સામાન્ય માણસ જૂનાં ફૂટેલાં વાસણોને સમારવાનું કામ કરવાની સાથે સાથે લોકોના આત્માને પણ સુધારવાનું કામ કરે છે!' તેથી તેઓ વિશેષ ગુસ્સે થતા હતા.

જૉન બનિયને ૧૬૫૯માં બીજું લગ્ન કર્યું. પરંતુ તેને તરત જ પોતાના કુટુંબથી વિખૂટા થવું પડ્યું. આ ગાળામાં ઇંગ્લંડમાં જૂના

અને નવા વિચારના ધાર્મિક સંપ્રદાયો વચ્ચે વિગ્રહ જેવું ચાલ્યા કરતું હતું. ચાર્લ્સ બીજો ફરીને ગાદી ઉપર આવ્યો. તેથી નવા વિચારવાળા નૉન્કૉન્ફર્મિસ્ટની સામે સખત પગલાંથી કામ લેવાનું શરૂ થયું. તેઓને જાહેરમાં પ્રવચન આપવાની મનાઈ કરવામાં આવી. પરંતુ જૉન બનિયને તો એ હુકમનો અનાદર કરી પ્રવચન આપવાનું કાર્ય ચાલુ રાખ્યું; તેથી તેને પકડીને ન્યાયાધીશ પાસે ખડો કરવામાં આવ્યો. ન્યાયાધીશે તેને કડક શબ્દોમાં કહ્યું : "તારે આ વખતે જેલમાં ત્રણ મહિના રહેવું પડશે. ત્યાર પછી જો તું ઉપદેશ આપવાનું ચાલુ રાખશે, તો તને દેશનિકાલ કરવામાં આવશે. અને ત્યાર પછી જો તું દેશમાં આવીને ઉપદેશ કરતો પકડાશે, તો તને ફાંસીને માંચડે ચડાવવામાં આવશે."

જૉન બનિયન એ સાંભળીને મક્કમતાથી બોલ્યો : "હું એ વિષે આપને ચોક્કસપણે કહું છું કે, જો આપ મને આજે મુક્ત કરશો, તો આવતી કાલે હું ઉપદેશ આપવા લાગી જઈશ. પછીની વાત તો પ્રભુના હાથમાં છે."

જેલમાં પણ તેને વારે વારે પૂછવામાં આવતું કે, 'જો તમે નવા પંથમાંથી છૂટા થવાનું તેમ જ પ્રવચન ન આપવાનું કબૂલ કરો, તો તમને માનભેર છૂટા કરવામાં આવશે.' પરંતુ જૉન બનિયન જેલનાં દુઃખોને ન ગણકારતાં પોતાના વિચારમાં મક્કમ રહ્યો. જેલમાં પણ તે કેદીઓ આગળ વારંવાર ધર્મપ્રવચન આપ્યા કરતો. તેની બીજી પત્નીએ પણ પાર્લમેન્ટ સુધી અરજી મોકલાવીને પોતાના પતિને છૂટો કરવા પ્રયત્નો કર્યા હતા. પણ એનું કશું પરિણામ નીપજ્યું નહીં.

જેલનિવાસ દરમિયાન તેની પાસે બે ધર્મપુસ્તકો તેના સાથી જેવાં બની ગયાં હતાં. એક હતું બાઇબલ અને બીજું હતું ફૉક્સકૃત 'બુક ઑફ માર્ટિર્સ'. જેલમાં તેને પોતાનાં નિરાધાર સ્ત્રીબાળકોની પણ ચિંતા રહેતી હતી. તેમાંય અમુક બીમારીને લીધે અંધ બનેલી તેની નાની બાળકીની તેને ખૂબ ચિંતા થતી. વચ્ચે વચ્ચે જેલનો દરોગો કોઈ ભલો માણસ આવી જતો, તે તેને કંઈ કામ કરવાની છૂટ આપતો. બૂટ વગેરેમાં ઉપયોગમાં આવતી વાધરીઓને છેડે જસતના પતરાની જે પટી

આવે છે એ તે જેલમાં બનાવતો અને એ રીતે પોતાના કુટુંબને મદદ કરવા યથાશક્તિ પ્રયત્ન કરતો. તદુપરાંત તે જેલમાં પુસ્તકો પણ લખતો.

આમ, ૧૬૬૦ થી ૧૬૭૨ સુધી જૉન બનિયન જેલમાં પુરાયેલો રહ્યો. ૧૬૭૨ માં ચાર્લ્સ બીજાએ કૅથલિક લોકોને ધર્મની છૂટ મળે એ ઇરાદાએ ધર્મની બાબતમાં ઉદાર નીતિ અખત્યાર કરી. તેથી જૉન બનિયનને પણ એને આધારે જેલમાંથી મુક્તિ મળી.

જેલમાંથી બહાર નીકળતાંની સાથે જ તેણે ઉપદેશ કરવા માટેની પરવાનગી મેળવી લીધી અને બેડફૉર્ડ તેમ જ એની આસપાસના પ્રદેશમાં ધર્મપ્રવચન આપવા ફરવા લાગ્યો. તે હવે 'બિશપ બનિયન' તરીકે ઓળખાવા લાગ્યો. તેનું પ્રવચન સાંભળવા દરેક વર્ગના લોકો હંમેશાં ઉત્સુક રહેતા. તેની આ શક્તિનો ખ્યાલ આપતું એક ઉદાહરણ બસ થશે. એક વાર ઇંગ્લંડના રાજાએ એક મોટા વિદ્વાનને કહ્યું : "તમે બનિયનનો ઉપદેશ સાંભળવા જાઓ છો એ જાણીને મને ભારે નવાઈ લાગે છે. તમે તો મોટા પંડિત છો. આવા અભણ અને સામાન્ય કારીગરના ઉપદેશથી તમને શો લાભ થાય એમ છે?" એ સાંભળીને પેલા મોટા વિદ્વાને નમ્રતાથી કહ્યું : "રાજાજી, આ અભણ માણસનો ઉપદેશ એવો તો ઉચ્ચ પ્રકારનો છે કે, જો તેના જેવો ઉપદેશ કરવાની શક્તિ પામવાને સારુ મારે મારી બધી વિદ્વત્તા આપી દેવી પડે, તો તે આપી દેવા હું તૈયાર છું!"

પરંતુ આ સ્થિતિ વધુ વખત ટકી નહીં. ઇંગ્લંડની પાર્લમેન્ટે ૧૬૭૩માં 'ટેસ્ટ ઍક્ટ' નામનો કાયદો પસાર કર્યો. તેથી પાછી ધર્મની બાબતમાં દરમિયાનગીરી શરૂ થઈ ગઈ. પણ જૉન બનિયન નમતું આપે એવો ન હતો. તેણે ધર્મકાર્ય ચાલુ જ રાખ્યું. એ વખત દરમિયાન ૧૬૭૫માં તેને છએક મહિના જેલમાં રાખવામાં આવ્યો હતો. આ જેલનિવાસ વખતે ઘણું કરીને તેણે તેનું આજે અમર બનેલું પુસ્તક 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' લખ્યું હતું.

જૉન બનિયને છેવટ સુધી ધર્મપ્રવચન કરવાનું તેમ જ પુસ્તકો લખવાનું કાર્ય કર્યું હતું. તે એક વાર કોઈ બાપદીકરા વચ્ચે પડેલી

તકરારનું સમાધાન કરવા એક ગામ ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં રસ્તે ખૂબ વરસાદ પડ્યો. વરસાદમાં ખૂબ પલળી જવાથી તેને શરદી થઈ અને સખત તાવ આવ્યો. અને દસ દિવસની ટૂંકી માંદગી ભોગવી તે ૧૬૮૮ના ઑગસ્ટની ૧૨મી તારીખે સાઠ વર્ષની વયે અવસાન પામ્યો. પરંતુ દુનિયામાં બાઇબલ પછી વધુ વેચાણ પામેલા તેમ જ દુનિયાની ઘણીખરી ભાષાઓમાં અનુવાદિત થયેલા તેના પ્રખ્યાત પુસ્તક 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને લીધે તે ખરેખર અમર બની ગયો.

'ભકતરાજ' એ જોન બનિયનના પ્રખ્યાત પુસ્તક 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ને આધારે લખ્યું છે. 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ના બે ભાગ છે. પહેલા ભાગમાં એક ખ્રિસ્તી પુરુષ-ભકતની વાત છે અને બીજા ભાગમાં ખ્રિસ્તી સ્ત્રી-ભકતની વાત છે. પ્રસ્તુત પુસ્તક 'ભકતરાજ' પહેલા ભાગને આધારે લખાયું છે. બીજા ભાગની વાત લગભગ પહેલા ભાગ જેવી જ છે. એટલે ગુજરાતી વાચકોને કદાચ વધારે રસપ્રદ ન પણ લાગે, એ હિસાબે તે ગુજરાતીમાં ઉતારી નથી. વળી 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' પર બાઇબલની ખૂબ જ અસર છે. પરંતુ મૂળ કથાને જુદી તારવી લેવામાં આવે, તો તે રસપ્રદ થાય એવી છે. તેથી 'ભકતરાજ'માં એ દૃષ્ટિએ મૂળ કથાને ઉપાડી લઈ તેને નવા સ્વરૂપે જ રજૂ કરી છે. ગુજરાતી વાચકોને તે વધુ ગમશે એમ માનું છું. વરસો ઉપર પૂજ્ય ગાંધીજી પણ સાબરમતી આશ્રમમાં પ્રાર્થના પછી 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ની કથા સરળ રીતે કહેતા હતા. 'ભકતરાજ', 'પોચકીદાસ' જેવાં નામો તેમણે જ વાપરેલાં છે. એ આધારે જ આ પુસ્તકનું નામ પણ 'ભકતરાજ' રાખ્યું છે.

અંતે, આ પુસ્તકની પ્રસ્તાવના 'પ્રભુપ્રેમની પ્રસાદી' પૂજ્ય ગુરુદયાલ મલ્લિકજીએ લખી આપી છે, એ બદલ તેઓશ્રીનો આભાર માનું છું. વળી આ કથામાંનાં કાવ્યો એક પૂજ્ય ભકતકવિએ રચેલાં છે અને તેઓશ્રીએ એ વાપરવા માટે પ્રેમભરી અનુજ્ઞા આપી છે, એ બદલ તેઓશ્રીનો પણ આભાર માનું છું.

મુકુલ કલાર્થી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકાશકનું નિવેદન | | ૩ |
| પ્રભુપ્રેમની પ્રસાદી | ગુરુદયાલ મલ્લિક | ૫ |
| જોન બનિયનનું સંક્ષિપ્ત જીવનચરિત | | ૭ |

**ભક્તરાજ**

| | | |
|---|---|---|
| ૧. | ભક્તરાજની મથામણ | ૩ |
| ૨. | હઠરાયની પીછેહઠ | ૯ |
| ૩. | પોચકીદાસ | ૧૩ |
| ૪. | ભીડભંજન | ૧૭ |
| ૫. | દોઢડાહ્યાનું ડહાપણ | ૨૧ |
| ૬. | ધર્મદૂતની સલાહ | ૨૮ |
| ૭. | કલ્યાણને દ્વારે | ૩૪ |
| ૮. | જીવન-ઉપયોગી દર્શન | ૩૯ |
| ૯. | ભાત ભાતકે લોક! | ૪૪ |
| ૧૦. | ભક્તરાજની આગેકૂચ | ૫૦ |
| ૧૧. | પાપાસુરનો સામનો | ૫૪ |
| ૧૨. | મૃત્યુછાયાની ખીણમાં | ૬૧ |
| ૧૩. | વિશ્વાસરાયનું બલિદાન | ૬૭ |
| ૧૪. | દુઃખાસુરના પંજામાં | ૭૩ |
| ૧૫. | શઠરાયની જાળમાં | ૭૯ |
| ૧૬. | દિવ્ય ધામમાં | ૮૭ |

# ભક્તરાજ

## ૧

# ભક્તરાજની મથામણ

આ જગતરૂપી જંગલમાંથી હું એક વાર પસાર થતો હતો. એવામાં એક ધર્મશાળા પાસે આવી પહોંચ્યો. રાતનો વખત હતો અને મને થાક પણ ખૂબ ચડ્યો હતો. એટલે વિસામો લેવા મેં ત્યાં લંબાવ્યું.

થોડી વારમાં તો હું ઘસઘસાટ ઊંઘી ગયો. ઊંઘમાં મને એક સ્વપ્નું આવ્યું. એ સ્વપ્નમાં ભક્તરાજ નામના એક માણસને મેં જોયો. તેના હાથમાં એક ધર્મ-ગ્રંથ હતો. વળી તેના ખભા ઉપર બહુ ભારે ગઠડી હતી.

ભક્તરાજ થોડી થોડી વારે દૂર દૂર નજર નાખીને ઊંડા વિચારમાં ગરક થઈ જતો હતો.

આમ થોડી વાર વિચારમાં બેઠા પછી તેણે ધર્મ-ગ્રંથ ઉઘાડીને વાંચવા માંડ્યું. વાંચતાં વાંચતાં તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે ડૂસકે ડૂસકે રડતો બોલ્યો: “મારે હવે કરવું શું? કશી જ સમજ પડતી નથી, હે ભગવાન!

“અંધાર-પથેથી પ્રકાશમાં લઈ જા;
પંથહીનને તારે માર્ગે દોરી જા.”

પછી તે ભારે હૈયે ઊઠ્યો અને પોતાને ઘેર ગયો. પોતાનાં બૈરીછોકરાં પોતાના મનનું દુઃખ જાણી ન જાય

એટલા માટે તે જરા સ્વસ્થ બની ગયો. પણ તે લાંબા વખત સુધી મનની શાંતિ જાળવી શકચો નહીં. તેણે પોતાનાં બૈરી-છોકરાંને ભેગાં કરીને કહ્યું : “ તમે બધાં મારું કહેવું ધ્યાન દઈને સાંભળજો. મારા ખભા ઉપર આ જે ભારે બોજો છે તે હવે મારાથી સહન થઈ શકતો નથી ! હું ખૂબ કંટાળી ગયો છું. વળી મેં એવું સાંભળ્યું છે કે, થોડા જ વખતમાં આપણે જે ગામમાં રહીએ છીએ તે ગામનો નાશ થવાનો છે. એની સાથે સાથે આપણો પણ નાશ થશે. જો આપણને આ કુદરતી આફતમાંથી બચી જવાનો રસ્તો સૂઝે, તો આપણે બચી જઈએ ખરાં. પણ મને એવું કશું સૂઝતું નથી ! ”

આ સાંભળીને ઘરનાં માણસો ખૂબ નવાઈ પામ્યાં. તેમને થયું, ‘ આ ભક્તરાજનું મગજ ખસી તો નથી ગયું ને ? ’ રાતનો વખત હતો; તેથી એ લોકોએ વિચાર્યું કે, રાતે એ સૂઈ જશે, એટલે આરામ મળવાથી તેનું મગજ ઠેકાણે આવશે.

પરંતુ ભક્તરાજ માટે એ રાત ત્રાસદાયક થઈ પડી. આખી રાત તેણે પથારીમાં પાસાં ફેરવ્યાં કર્યાં. તેની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં જ હતાં અને વચ્ચે વચ્ચે તે ઊંડા નિસાસો નાખ્યા કરતો હતો. શું કરું ને શું નહીં, એની તેને સૂઝ પડતી ન હતી.

સવાર પડી. તેની સ્થિતિ રાત કરતાં પણ કફોડી થતી જતી હતી. તે સૌને ભવિષ્યમાં આવનારી આફતની વાત દુ:ખી અવાજે વારેવારે કહેવા લાગ્યો. એટલે ઘરનાં બધાં માણસો એનાથી કંટાળી ગયાં. એ લોકોને થયું કે, ‘ જો

આપણે તેની સાથે કડકાઈથી વર્તન કરીશું તો તે આવો બકવાટ કરવાનું છોડી દેશે.' એટલે તે બધાં ભક્તરાજની ઉપેક્ષા કરવા લાગ્યાં.

ભક્તરાજ ઘરનાં માણસોનો પોતાની સાથેનો આવો વર્તાવ જોઈને તેમની દયા ખાતો પોતાની ઓરડીમાં ચાલ્યો જતો. ત્યાં તે પોતાને તેમ જ પોતાના કુટુંબને સદ્બુદ્ધિ આપવા અને આફતમાંથી ઉગારવા પ્રભુને પ્રાર્થના કર્યા કરતો.

જ્યારે ભક્તરાજ ખૂબ જ અકળાઈ જતો ત્યારે પોતાનો ધર્મ-ગ્રંથ લઈને દૂર દૂર વગડામાં એકલો ચાલ્યો જતો. ત્યાં એકાંત જગ્યાએ બેસીને તે ધર્મ-ગ્રંથ વાંચતો અને ઈશ્વરનું સ્તવન કરતો.

એક દિવસ ભક્તરાજ પોતાના ખેતરમાં બેસીને ધર્મ-ગ્રંથ વાંચી રહ્યો હતો. તેનું મન ખૂબ જ મૂંઝાતું હતું. તેણે પુસ્તક એકદમ બંધ કરી દીધું અને મોટેથી રડીને કહેવા માંડ્યું: "આ ભારે આફતમાંથી બચવા મારે હવે શું કરવું?"

પછી તે આમ તેમ જોવા લાગ્યો. જાણે તે ક્યાંક દૂર દૂર નાસી જવાનો મનસૂબો ન કરતો હોય? પણ નાસીને જવું ક્યાં? કશો રસ્તો દેખાતો ન હતો!

એવામાં ધર્મદૂત નામનો એક દેવતાઈ પુરુષ તેની પાસે આવ્યો અને પૂછવા લાગ્યો: "અરે ભાઈ, તું અહીં બેઠો બેઠો શા માટે કલ્પાંત કરી રહ્યો છે?"

ભક્તરાજે કહ્યું: "ભગવન્, આ ધર્મ-ગ્રંથ વાંચતાં મને હવે ખાતરીપૂર્વક જણાયું છે કે મારો અંતકાળ નજીક આવી

રહ્યો છે! મારા મરણ પછી મને ભગવાનના દરબારમાં ખડો કરવામાં આવશે. મને આ વાતનો ખૂબ ભય લાગે છે.”

ધર્મદૂતે પૂછ્યું: “અલ્યા, જીવન તો કેટલાંય દુ:ખોથી ભરેલું છે; તો પછી તને મરણનો આટલો બધો ભય શાનો લાગે છે?”

ભક્તરાજ બોલ્યો: “કારણ કે મારા ખભા ઉપર જે બોજો છે તે મને નરકમાં ધકેલી મૂકશે એવું મને ચોક્કસ લાગે છે. અને ભાઈ, નરકાગારમાં રહીને ત્યાંનો ત્રાસ સહન કરવા જેટલી મારામાં તાકાત નથી!”

ધર્મદૂત—“જો તારી આવી કફોડી દશા છે તો પછી તું અહીં શા માટે પડી રહ્યો છે?”

ભક્તરાજ—“અહીં નાછૂટકે મારે રહેવું પડે છે. કારણ કે મારે ક્યાં ચાલ્યા જવું એ કશું મને સૂઝતું નથી! તમે કોણ છો? મને આ બાબતમાં મદદ ન કરો?”

ધર્મદૂત—“મારું નામ ધર્મદૂત છે. તને હું જરૂર મદદ કરીશ.”

આમ કહીને ધર્મદૂતે તેને ચામડાથી વીંટાળેલો એક વીંટો આપ્યો. ભક્તરાજે તે વીંટો ઉઘાડીને વાંચ્યો. શરૂમાં તેમાં લખ્યું હતું: ‘જે કોપ તારે માથે વરસવાનો છે, તેનાથી દૂર ભાગી જા.’

ભક્તરાજે ધર્મદૂત તરફ ભક્તિભાવથી નિહાળીને આતુરતાથી પૂછ્યું: “હું ક્યાં નાસી જાઉં?”



ધર્મદૂતે આંગળી વડે બતાવતાં કહ્યું: "ત્યાં દૂર દૂર દરવાજા જેવું દેખાય છે કે?"

ભક્તરાજ — "ના, મને એવું કશું દેખાતું નથી!"

ધર્મદૂત — "તો પછી એ તરફ પ્રકાશ જેવું દેખાય છે ખરું?"

ભક્તરાજ — "હા; એવું કંઈક ઝાંખું ઝાંખું દેખાય છે."

એટલે ધર્મદૂતે કહ્યું: "એ પ્રકાશને ધ્યાનમાં રાખીને તે તરફ જવા પ્રયત્ન કર. આગળ જતાં તને દરવાજો દેખાશે. ત્યાં જઈને તું દરવાજો ઠોકજે. પછી તારે શું કરવાનું છે એ વિષે તને ત્યાં કહેવામાં આવશે." એમ કહીને ધર્મદૂત ચાલ્યો ગયો.

ભક્તરાજ તો વધારે વિચાર કરવા થોભવાને બદલે પ્રકાશની દિશા તરફ દોડવા લાગ્યો.

ભક્તરાજને આમ નાસી જતો જોઈને ગામલોકોએ અને તેનાં બૈરીછોકરાંએ તેને પાછા ફરવા ઘણી બૂમો પાડી. પણ ભક્તરાજે તો કાનમાં આંગળી નાખી દઈ પાછું જોયા વિના દોડવા જ માંડ્યું.

ગામલોકો ભક્તરાજને આ રીતે નાસી જતો જોઈને તેની મશ્કરી કરવા લાગ્યા. સંસારથી કંટાળીને તે ભાગી ગયો, એમ માનીને કેટલાક તેને હસવા લાગ્યા. પરંતુ એ સૌમાં બે જણાએ એવો નિશ્ચય કર્યો કે, એની પાછળ પડીને બળજબરી કરીને પણ એને ઘેર પાછો લઈ આવવો. એટલે તે બંને એની પાછળ દોડ્યા. તેમાંના એકનું નામ હતું હઠરાય અને બીજાનું નામ હતું પોચકીદાસ.

## ૨

# હઠરાયની પીછેહઠ

ભક્તરાજ તો કેટલાંય ખેતરોને વટાવતો આગળ ને આગળ ઝડપથી જવા લાગ્યો. આ તરફ હઠરાય અને પોચકીદાસ બંને જણ દોડીને ભક્તરાજની સાથે થવા પ્રયત્ન કરવા લાગ્યા.



થોડી વારમાં તેઓ ભક્તરાજની લગોલગ આવી પહોંચ્યા. ભક્તરાજે તેમને પોતાની પાછળ પાછળ આવતા જોઈ જરા થોભીને પૂછ્યું: "ભાઈઓ, તમે આ તરફ ક્યાં જઈ રહ્યા છો?"

હઠરાય બોલ્યો: "બીજે વળી ક્યાં જવાનું હોય? અમે તો તમને સમજાવીને ઘેર લઈ જવા માટે આવ્યા છીએ."

ભક્તરાજ — "ભાઈઓ, મારાથી હવે ઘેર ન અવાય. આપણે બધાં વિનાશની નગરીમાં રહીએ છીએ. એનો મોડો-વહેલો નાશ થવાનો છે. આખી નગરી આગ અને ઉલ્કા-પાતથી બળીને ખાખ થઈ જશે. એની સાથોસાથ આપણો પણ નાશ થશે અને આપણે બધાં અધોગતિ પામીશું. માટે ભાઈઓ, તમે મારું માનો અને મારી સાથે જ ચાલો."

હઠરાય — "શું કહ્યું? અમે તમારા જેવા ગાંડા માણસની સાથે આવીએ? અને અમારાં સગાંવહાલાં, ભાઈબંધો તેમ જ બધી સુખસગવડ તજી દઈએ? વાહ, ભાઈ, વાહ!"

ભક્તરાજ — "ભાઈઓ, એ બધાંનો મોહ ન રાખો. કારણ કે મને હવે પછી જે કંઈ મળવાનું છે એની સરખામણીમાં એ બધી વસ્તુઓ કશી વિસાતમાં નથી. જો તમે મારી સાથે આવશો અને સંકલ્પમાં અડગ રહેશો, તો તમને પણ મારી માફક લાભ થશે."

હઠરાય — "તમે તો આગળપાછળનો કશો વિચાર કર્યા વિના બેજવાબદાર માણસની માફક આખો સંસાર છોડીને જઈ રહ્યા છો. તો પછી તમે એવી તે કઈ ભારે ચીજ મેળવવા મથો છો?"

ભક્તરાજ — "હું એવા જીવનને માટે મથું છું જે પવિત્ર છે, મોહરહિત છે અને અમૃતમય છે. જે માણસ સાચા દિલથી એ મેળવવા પ્રયત્ન કરે છે તેને એનું ફળ સમય પાકચે મળે જ છે. મારા આ ધર્મ-ગ્રંથમાં એ મુજબ લખેલું છે. તમારે વાંચવું હોય તો તમને વંચાવું."

હઠરાય — “ઊંહ! એ થોથાંને બાજુએ મૂકો! તમારે અમારી સાથે ઘેર પાછા આવવું છે કે નહીં?”

ભક્તરાજ — “ના, ભાઈ, ના. મારે નથી આવવું. મને હવે સાચો રાહ મળી ગયો છે. એટલે એ છોડીને મારાથી પાછા ના ફરાય.”

ભક્તરાજની આ વાત સાંભળીને હઠરાય પોચકીદાસને કહેવા લાગ્યો: “અલ્યા પોચકીદાસ, ચાલ, આપણે હવે અહીંથી પાછા ફરીએ. આ દુનિયામાં ભક્તરાજ જેવા ભેજાગેપ માણસો પડેલા છે જે એક વાતનું પૂંછડું પકડે તે કદી છોડે જ નહીં અને પોતાને બીજાના કરતાં ડાહ્યા માને. આપણે કેટલીયે માથાઝીક કરીએ તોયે એ જક્કી લોકોના ભેજામાં કશું ઊતરે જ નહીં!”

એટલે પોચકીદાસ બોલ્યો: “હઠરાય, આમ તું ભક્તરાજને નકામો ઠપકો ન આપ. ભક્તરાજ કહે છે એ વાત જો સાચી હોય, તો એ બધી વસ્તુઓ આ દુન્યવી વસ્તુઓ કરતાં કેટલીય ગણી સારી છે. એવી કીમતી વસ્તુઓ મેળવવાનો લોભ જતો કરવો ઠીક નથી. ભક્તરાજની સાથે જતાં સહેલાઈથી એ બધું મળતું હોય, તો પછી પાછા ફરવાની મૂર્ખાઈ શા માટે કરવી? ચાલ, આપણે પણ એમની સાથે જ જઈએ.”

આ સાંભળીને હઠરાયને ગુસ્સો ચડયો. તે ભવાં ચડાવીને બોલ્યો: “શું કહ્યું? તું પણ એમની સાથે મૂરખ બનતો જાય છે કે શું? અલ્યા, મારું માન અને પાછો ફર.

આવો ધૂની માણસ તને ક્યાં ને ક્યાં ભટકાવી મારશે. હવે વધારે દોઢડહાપણ કર્યાં વિના પાછો વળ."

ભક્તરાજ નમ્રતાથી બોલ્યો: "ભાઈ હઠરાય, પોચકી-દાસની માફક તમે પણ મારી સાથે ચાલો. રસ્તામાં કશી અડચણ આવશે જ નહીં, એવું તો કશું ન કહેવાય. પરંતુ ભગવાન° ઉપર ભરોસો રાખીને મારા મારગ પર ચાલનારને એ બધી મુશ્કેલીઓ દુઃખરૂપ નથી થતી."

પોચકીદાસ જરા અધીરો થઈને કહેવા લાગ્યો: "ઠીક ત્યારે, હઠરાય, તું તારે એકલો પાછો જા. હું તો ભક્તરાજ સાથે જ જઈશ. આવો લાભ પછી ક્યારે મળશે? લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોં ધોવા શા માટે જવું? હજી પણ મારું કહ્યું માની જા. અને અમારી સાથે ચાલ. નહીં તો અહીંથી રામ રામ."

પછી પોચકીદાસ ઉતાવળે ડગ ભરવા લાગ્યો.

એટલે હઠરાય બોલ્યો: "ઠીક ત્યારે, હું તો પાછો ઘેર જાઉં છું. મને ખબર નહોતી કે તું આવો લોભી માણસ છે. નહીં તો ભક્તરાજની મોટી મોટી ડંફાસ સાંભળીને મને છોડીને એની સાથે જવાની લાલચમાં તું ન ફસાત!" એમ કહીને તે ત્યાંથી ઘર તરફ જવા એકલો પાછો ફર્યો.

ભક્તરાજ અને પોચકીદાસ એ સ્વર્ગ-ભૂમિની વાતો કરતા કરતા આગળ ચાલ્યા.

## ૩

# પોચકીદાસ

રસ્તે ચાલતાં ચાલતાં ભક્તરાજે પોચકીદાસને કહ્યું: “ભાઈ પોચકીદાસ, હઠરાય જો પરમાત્માની અનંત શક્તિ અને પ્રભુતાને સમજ્યો હોત, તો આપણને છોડીને આમ ચાલ્યો ન જાત. તમે તેનું ન માનીને મારી સાથે આવવા તૈયાર થયા છો, તેથી મને ખૂબ જ આનંદ થાય છે.”

પોચકીદાસ — “ભાઈ ભક્તરાજ, હવે અહીં આપણા સિવાય બીજું કોઈ નથી. માટે તમે મને બરોબર સમજાવો કે, આપણે કયાં જઈ રહ્યા છીએ અને ત્યાં કઈ કઈ વસ્તુઓ છે. ભાઈ, આપણો આ ફેરો નકામો તો નહીં જાય ને?”

ભક્તરાજ — “ના રે ના; એ વિષે મને મનમાં જરાયે અંદેશો નથી. પરંતુ એ બધું હું તમને સમજાવી શકું એમ નથી! તોયે તમે એ બાબત અંગે જાણવા ઇંતેજાર હો, તો મારા આ ધર્મ-ગ્રંથમાંથી તમને વાંચી સંભળાવું.”

પોચકીદાસ — “તમે ચોક્કસ માનો છો કે આ ગ્રંથમાં જે કંઈ લખ્યું છે એ બધું સાચું જ છે?”

ભક્તરાજ — “એમાં શંકાને સ્થાન જ કયાં છે? ભગવાનના આદેશ અનુસાર ધર્મ-ગ્રંથ લખાયો છે. એમાં અસત્ય હોય જ કયાંથી?”

પોચકીદાસ — “ઠીક ત્યારે, તો એ ધર્મ-ગ્રંથમાં જોઈને મને કહો કે ત્યાં કયા કયા લાભ આપણને થશે?”

ભક્તરાજ ધર્મ-ગ્રંથમાંથી વાંચીને કહેવા લાગ્યો: "પોચકીદાસ, ત્યાંનું સુખ અનંત છે. ત્યાં દુઃખ નથી, મૃત્યુ નથી, વિયોગ નથી."

પોચકીદાસ—"વાહ, ભક્તરાજ, વાહ! તમે બહુ જ મજાની વાત કહી! બીજું ત્યાં શું શું છે, એ તો જરા કહો."

ભક્તરાજ—"ત્યાં આપણને કીર્તિનો મુગટ પહેરાવવામાં આવશે અને નવાં નવાં કપડાં આપવામાં આવશે. તેથી આકાશમાં જેમ સૂરજ પ્રકાશે છે તેમ આપણે પણ પ્રકાશવા લાગીશું."

પોચકીદાસ—"ત્યારે તો ત્યાં ખૂબ જ મજા પડશે. એ સિવાય બીજું ત્યાં નવું શું છે?"

ભક્તરાજ—"ત્યાં પ્રભુ આપણી હંમેશાં સંભાળ લેશે. આપણી બધી ઇચ્છાઓ તે પૂરી કરશે."

પોચકીદાસ—"ભાઈ ભક્તરાજ, એ વાત તો ખરી. પણ ત્યાં આપણને સાથ કોણ આપશે?"

ભક્તરાજ—"અરે, ત્યાં દૈવી સુખસગવડ છે, પશુઓ છે, પંખીઓ છે. વળી આપણા કરતાં પહેલાં ગયેલા અસંખ્ય લોકોનો આપણને ત્યાં ભેટો થશે. ત્યાં કોઈ કોઈની અદેખાઈ કરતું નથી, કોઈને હાનિ પહોંચાડતું નથી. બધાં જ પ્રેમાળ અને પવિત્ર હૃદયનાં છે. દરેક જણ પ્રભુને નજર સામે રાખીને વર્તે છે અને પ્રભુ બધે હંમેશાં હાજરાહજૂર છે એમ શ્રદ્ધાપૂર્વક માને છે. વળી આપણી આ દુનિયામાં પ્રભુના આદેશ પ્રમાણે ચાલવાથી જે સંતો,

મહાત્માઓનો વધ કરવામાં આવ્યો છે, જેઓને જીવતા બાળી મૂકવામાં આવ્યા છે એ સૌ ભક્તજનો પણ ત્યાં રહે છે. એ સૌની સોબતથી આપણે ધન્ય બની જઈશું."

પોચકીદાસ—"વાહ, ભાઈ, વાહ! આવું બધું સાંભળીને ત્યાં જવાનું કોઈને પણ મન થઈ જાય. પરંતુ આપણે આ બધી વસ્તુઓનો આનંદ માણી શકીશું ખરા કે?"

ભક્તરાજ—"ભગવાને આ ધર્મ-ગ્રંથમાં કહ્યું છે કે, જે કોઈ આ સ્થિતિ માટે સાચા દિલથી ઝંખે છે તેને એ જરૂર મળે જ છે."

પોચકીદાસ—"ભક્તરાજ, મને આ બધું સાંભળીને ખૂબ આનંદ થાય છે. ચાલો, આપણે જલદી જલદી રસ્તો કાપીએ."

ભક્તરાજ—"ભાઈ, હું તમારી માફક ઝડપથી ચાલી શકું એમ નથી. કારણ કે મારા ખભા પર ભારે બોજો છે!"

તે બંને જણા આમ વાતો કરતા આગળ જતા હતા, એવામાં તેઓ 'નિરાશાની કળણભૂમિ' નામે ઓળખાતા પ્રદેશ પાસે આવી પહોંચ્યા. એ પ્રદેશમાં ચારે કોર કાદવ ફેલાયેલો હતો. જરા ગફલતમાં રહીએ તો ઊંડા કળણમાં પડી જઈ કાદવમાં ખૂંપી જવાય એવું હતું.

ભક્તરાજ અને પોચકીદાસ આ પ્રદેશથી અજાણ હોવાને કારણે તે બંને જણા કાદવમાં પડયા અને ઊંડે ઊંડે ખૂંપવા લાગ્યા! તેઓ બહાર નીકળવા જેમ જેમ પ્રયત્ન



કરવા લાગ્યા, તેમ તેમ વધારે ને વધારે કાદવમાં ફસાઈ જવા લાગ્યા. ભક્તરાજને ખભે મોટો બોજો હોવાથી એ તો વધારે ઊંડે ખૂંપવા લાગ્યો.

પોચકીદાસનો જીવ તાળવે ચડી ગયો. એ તો હાંફળો-ફાંફળો થઈ જઈને ભક્તરાજને કહેવા લાગ્યો: "અલ્યા ભક્તરાજ, આપણે અહીં ક્યાં ફસાઈ પડ્યા! આ સ્થળનું નામ શું?"

ભક્તરાજ મૂંઝાતા અવાજે બોલ્યો: "ભાઈ, ખરું પૂછો તો મને આ જગ્યાની કશી ખબર નથી! જરા ધીરજ રાખો. કોઈ મદદે જરૂર આવશે."

આ સાંભળીને પોચકીદાસ ચિડાઈ જઈ ભક્તરાજને ઠપકો આપતાં કહેવા લાગ્યો: "અહીં કોણ નવરું બેઠું છે જે આપણને મદદ કરવા આવી ખરાબ જગ્યાએ દોડી આવે! અરે ભલા માણસ, આખે રસ્તે તેં જેની મોટી મોટી વાતો કર્યાં કરી તે આ જ સુખનું ધામ કે? તને પૂરેપૂરી ખબર નહોતી, તો પછી મૂરખની માફક મને અહીં

ક્યાં ઘસડી લાવ્યો! મારા ક્યાં ભોગ લાગ્યા કે હું તારી સાથે અહીં ફસાઈ પડ્યો! જહાનમમાં જાય તારી એ લોભાવનારી નગરી! શરૂઆતમાં જ જો આવી ભારે મુશ્કેલી વેઠવી પડતી હોય, તો આગળ જતાં કોણ જાણે કેવીય ભયાનક આપદાઓ આવશે! મને એક વાર આ કળણમાંથી બહાર તો નીકળવા દે; પછી તું ભલે એ રાજ્યનો એકલો માલિક થજે.”

પછી પોચકીદાસે ખૂબ જોર કરીને બહાર નીકળવા પ્રયત્ન કર્યો અને ઘર ભણી જતા રસ્તા તરફની બાજુએ તે મહામહેનતે કાદવમાંથી બહાર નીકળી શક્યો. પોચકીદાસે તો જરાયે થોભ્યા વિના જીવ લઈને પોતાના ઘર તરફ દોટ મૂકી.

કળણભરેલી કર્દમ-ભૂમિમાં ઊંડે ઊંડે ખૂંપતો જતો ભક્તરાજ એને દોડતો જોઈ રહ્યો; અને થોડી વારમાં તો પોચકીદાસ દૂર દૂર અદૃશ્ય પણ થઈ ગયો.

## ૪

## ભીડભંજન

ભક્તરાજ બિચારો એકલો કાદવમાં અટવાવા લાગ્યો. એ મુશ્કેલીમાં પણ તેણે પોતાના ઘરથી દૂર તરફની બાજુએ અને વાડ પાસેના દરવાજા ભણી જ નીકળવાનો પ્રત્યન ચાલુ રાખ્યો. પરંતુ તેના ખભા પરના ભારે બોજાને લીધે તે કંઈ ફાવ્યો નહીં. કાદવમાં તે વધારે ને વધારે ફસાતો ગયો!

એવામાં થોડી વાર પછી ભીડભંજન નામનો એક વૃદ્ધ માણસ ત્યાં આવી પહોંચ્યો. તેણે ભક્તરાજને પૂછ્યું: “ભાઈ, તમે અહીં શું કરી રહ્યા છો?”

ભક્તરાજ—"બાબા, જુઓને હું અહીં કાદવમાં ફસાઈ પડ્યો છું! મને ધર્મદૂત નામના એક ભલા પુરુષે દૂર દેખાતી પેલી વાડ પાસેના દરવાજા ભણી જવા સલાહ આપી છે. મારા ઉપર એક ભારે સંકટ ઝઝૂમી રહ્યું છે. એમાંથી બચવાનો ઉપાય જાણવા માટે તેમણે મને ત્યાં જવા કહ્યું છે. પરંતુ અહીં રસ્તામાં હું આ ઊંડા કાદવમાં ફસાઈ ગયો છું. તમે મને આ ભીડમાંથી ઉગારી નહીં લો?"

ભીડભંજન—"પણ, અરે ભલા માણસ, તમે આ ભૂમિમાં જે પગથિયાં છે તે કેમ જોતા નથી?"

ભક્તરાજ—"બાબા, હું ભયથી એવો તો ઘેરાયેલો છું કે, મને કશું જ સૂઝતું નથી!"



ભીડભંજને તેને પગથિયાં બતાવ્યાં. એ પગથિયાં પર સાવચેતીથી પગ મૂકતો મૂકતો ભક્તરાજ ધીમે ધીમે ઊંડા કાદવની બહાર નીકળવા લાગ્યો. તે ભીડભંજનની નજીક પહોંચ્યો; એટલે તેનો હાથ ઝાલીને ભીડભંજન તેને રસ્તા પર દોરી ગયો.

ભક્તરાજે બહાર નીકળીને ભીડભંજનને પૂછ્યું: "આ રસ્તો 'વિનાશની નગરી'થી તે વાડ પાસેના પેલા દરવાજા સુધી જાય છે. તો પછી આ કાદવવાળી કળણભૂમિને શા માટે સમારવામાં આવતી નથી?"

ભીડભંજન—"આ કળણભૂમિને સુધારવી એ ખૂબ જ અઘરું કામ છે! જગતમાં જે પાપ રોજ રોજ થઈ રહ્યાં છે એને લીધે અહીં એ બધી ગંદકી કાદવ વગેરે ભેગાં થતાં જાય છે. વળી આ ભૂમિને 'નિરાશાની કળણભૂમિ' કહેવામાં આવે છે. કારણ કે પાપી માણસને જ્યારે તેની સાચી દશાનું ભાન કરાવવામાં આવે છે, ત્યારે તેના અંતરમાં ભય, કુશંકા, નિરાશા ઉત્પન્ન થાય છે. એ સઘળું પણ અહીં એકઠું થતું જાય છે. તેથી આ ભૂમિ આવી ખરાબ થઈ ગઈ છે. આ ભૂમિના માલિકને આ પ્રદેશ આવો ખરાબ અને ત્રાસદાયક બને એ જરાય ગમતું નથી. તેણે પોતાના સર્વસત્તાધીશ પ્રભુના બાંધકામ ખાતાના માણસોની મદદ લઈને કેટલાંય વર્ષોથી એને સુધારવાનું જારી રાખ્યું છે. ઊંચામાં ઊંચી જાતની માટી તથા બીજી વસ્તુઓ હજારો ગાડાં ભરીને અહીં ઠાલવવામાં આવે છે. આમ, પૂરણીનું કામ સતત ચાલ્યા કરે છે. પરંતુ હજી

એ ભૂમિ એવી ને એવી રહી છે; અને કોણ જાણે કેટલાય વખત સુધી એ એવી ને એવી રહેશે.

“હા, પણ એટલું તો સાચું છે કે અહીંના નિયામકની સલાહ પ્રમાણે અહીં મજબૂત પગથિયાં કરેલાં છે. પરંતુ આ પ્રદેશ કાદવથી એવો તો ભરપૂર છે કે, નિરાશા અને ભયના સમયે, તમને જેમ દેખાયાં નહીં એમ, એ પગથિયાં ઘણાખરાને દેખાતાં નથી! એ વખતે જો માણસ પોતાના ધ્યેયમાં અડગ રહે અને પોતાનો પ્રયત્ન ચાલુ રાખે, તો જરૂર તેને મદદ કરનાર ભોમિયો મળી રહે છે. આ પ્રદેશમાંથી એક વાર બહાર નીકળ્યા પછી વાડ સુધીનો રસ્તો સારો છે.”

હવે બીજી તરફ એટલા વખતમાં પોચકીદાસ ઘેર પહોંચી ગયો. આસપાસના પડોશીઓ તેને મળવા આવ્યા. કેટલાક તે પાછો ઘેર આવ્યો એ તેણે ડહાપણભર્યું કર્યું એમ કહેવા લાગ્યા; જ્યારે કેટલાક ભક્તરાજને આ રીતે મુશ્કેલીમાં એકલો છોડીને ચાલ્યો આવ્યો એ સારુ તેને કાયર કહેવા લાગ્યા. વળી કેટલાક તો તેના નામ પ્રમાણે જ તેનામાં ગુણ છે એમ કહીને તેની ઠેકડી ઉડાવવા લાગ્યા. કેટલાક તો તેને ઠપકો આપીને કહેવા લાગ્યા, “અરે, તું તો સાવ બીકણ માણસ છે! એક વાર જવાનું નક્કી કર્યા પછી આવી રીતે થોડીક મુશ્કેલી રસ્તામાં આવે, એટલે હું તારી માફક પાછો કદી ભાગી ન જ આવું.” આવી રીતે બધા માણસો પોચકીદાસનો એક યા બીજી રીતે ઊધડો લેવા લાગ્યા. એથી પોચકીદાસ બિચારો એ બધાની વચ્ચે

ભોંઠો પડી ગયો. તેને મોં ઊંચું કરવું પણ ભારે થઈ પડ્યું! શરમનો માર્યો તે ભોંય ખોતરવા લાગ્યો.

હવે ભક્તરાજ પાસેથી ભીડભંજને વિદાય લીધી. એટલે તે એકલો પાછો વાડ તરફના રસ્તે જવા લાગ્યો. એટલામાં સામેના ખેતર પાસેથી કોઈ ઝડપથી એની તરફ આવતું દેખાયું. અને બે રસ્તા જ્યાં ભેગા થતા હતા ત્યાં પેલો અજાણ્યો માણસ ભક્તરાજને સામો મળ્યો.

## ૫

## દોઢડાહ્યાનું ડહાપણ

પેલા અજાણ્યા માણસનું નામ હતું દોઢડાહ્યો. તે 'વિષયનગર'માં રહેતો હતો. ત્યાં તેને ભક્તરાજ વિષે થોડી બાતમી મળી હતી. એટલે તે જરાય થોભ્યા વિના દોડતો દોડતો ભક્તરાજને મળવા આવ્યો હતો. તેણે આવતાં આવતાં કહ્યું: "અરે ભલા માણસ, ઢોરની માફક આટલો ભારે બોજો ઉપાડીને હાંફતો હાંફતો અને નિસાસા મૂકતો તું ક્યાં જઈ રહ્યો છે?"

ભક્તરાજ નમ્રતાથી બોલ્યો: "ભાઈ, સાચે જ હું ઢોરની માફક ભારે બોજો ઉપાડીને જઈ રહ્યો છું! અને હું ક્યાં જઈ રહ્યો છું, એમ તમે પૂછો છો? હું તો પેલી વાડ પાસે જે દરવાજો દેખાય છે ત્યાં જાઉં છું. મને એક ભલા પુરુષે એવી સલાહ આપી છે કે, જો હું ત્યાં જઈશ તો મને આ બોજામાંથી છૂટવાનો ઉપાય જડશે."

દોઢડાહ્યો — "તારે બૈરી-છોકરાં છે કે?"

ભક્તરાજ — "હા; પણ હું આ ભારે બોજાથી એટલો તો અકળાઈ ગયો છું કે, પહેલાં મને એ લોકોમાં જેવો આનંદ પડતો હતો એવો હવે રહ્યો નથી. વળી એ લોકો મારું કહ્યું માનીને મારી સાથે આવવા તૈયાર પણ થયા નહીં. એટલે હવે હું તો એમ જ માનું છું કે, મારે કોઈ જ નથી!"

દોઢડાહ્યો — "આમ ભાગંભાગા કરવાથી અને નિરાશ થવાથી આ બોજામાંથી કંઈ ઓછું છુટાવાનું છે? જરા ડાહ્યો થઈને મારું સાંભળ. હું તને જો સાચી સલાહ આપું, તો મારું તું માનશે ખરો કે?"

ભક્તરાજ — "તમારી વાત જો બરોબર હોય, તો માનવામાં મને શી હરકત છે? મારે તો સાચી સલાહની જ જરૂર છે."

દોઢડાહ્યો — "ઠીક ત્યારે; તું ધ્યાન દઈને સાંભળ. તને એવી સલાહ આપીશ કે, એનું આચરણ કરવાથી તું આ બોજાના ભારમાંથી જલદી મુક્ત થશે. અને જ્યાં સુધી તું એમાંથી છૂટો નહીં થાય, ત્યાં સુધી તને શાંતિ મળવાની નથી."

ભક્તરાજ — "ભાઈ, મારે પણ એ જ જોઈએ છે. કોઈ પણ હિસાબે આ બોજાના ભારમાંથી મુક્ત થાઉં તો બસ. પણ એમાંથી શી રીતે મુક્ત થવું એ મને સમજાતું નથી! વળી મારા દેશમાં એવો કોઈ માણસ પણ નથી જે

મને આ બાબતમાં સાચી સલાહ આપી શકે! એ કારણે તો હું આ બાજુ જઈ રહ્યો છું.”

દોઢડાહ્યો — “પણ તને પેલી વાડ તરફ જવાની સલાહ આપવાનું ડહાપણ કોણે ડહોળ્યું?”

ભક્તરાજ — “એક ભલા અને ઉમદા સજ્જને મને એ રસ્તો બતાવ્યો છે. તેમણે મારા જેવા કેટલાક માણસોને એ રીતે મદદ કરી છે. એનું નામ છે ધર્મદૂત.”

દોઢડાહ્યો — “ઓહોહો! તને તો બહુ મોટા માણસે સલાહ આપી છે ને! હું તો એવા રખડુ માણસની સલાહ કદી ન માનું. તને જે રસ્તે જવા તેણે કહ્યું છે એના જેવો ભયાનક અને મુશ્કેલીભર્યો રસ્તો બીજો એકેય નથી. તું એ ભાઈસાહેબનું માનીને જરા આગળ તો જા, પછી તને સમજ પડશે. તને થોડીઘણી મુશ્કેલી રસ્તામાં પડી હોવી જોઈએ. તારાં કપડાં જ એ વાતની સાક્ષી પૂરે છે. કેમ, ખરું ને! પરંતુ એ કળણવાળી જમીન તો હજી દુઃખોની શરૂઆત જ છે. મહેરબાન સાહેબ, જરા મારું બરોબર સાંભળી લો. હું તારા કરતાં મોટો છું. મારી આગળ તો તું બાળક જેવો છે. તને હવે પછી રસ્તામાં થાક, પીડા, ભૂખ, આપત્તિ, ટાઢ, તાપ, સિંહ, સાપ, ઘોર અંધકાર અને એક જ શબ્દમાં કહું તો મોત સામે આવીને મળશે. અને બીજી પારાવાર મુશ્કેલીની તો વાત જ શી કરવી? તને કદાચ મારી વાતમાં ભરોસો ન આવતો હોય. પણ મારી પાસે એના જોઈએ તેટલા પુરાવા મોજૂદ છે. મારા

એ ભૂમિ એવી ને એવી રહી છે; અને કોણ જાણે કેટલાય વખત સુધી એ એવી ને એવી રહેશે.

"હા, પણ એટલું તો સાચું છે કે અહીંના નિયામકની સલાહ પ્રમાણે અહીં મજબૂત પગથિયાં કરેલાં છે. પરંતુ આ પ્રદેશ કાદવથી એવો તો ભરપૂર છે કે, નિરાશા અને ભયના સમયે, તમને જેમ દેખાયાં નહીં એમ, એ પગથિયાં ઘણાખરાને દેખાતાં નથી! એ વખતે જો માણસ પોતાના ધ્યેયમાં અડગ રહે અને પોતાનો પ્રયત્ન ચાલુ રાખે, તો જરૂર તેને મદદ કરનાર ભોમિયો મળી રહે છે. આ પ્રદેશમાંથી એક વાર બહાર નીકળ્યા પછી વાડ સુધીનો રસ્તો સારો છે."

હવે બીજી તરફ એટલા વખતમાં પોચકીદાસ ઘેર પહોંચી ગયો. આસપાસના પડોશીઓ તેને મળવા આવ્યા. કેટલાક તે પાછો ઘેર આવ્યો એ તેણે ડહાપણભર્યું કર્યું એમ કહેવા લાગ્યા; જ્યારે કેટલાક ભક્તારાજને આ રીતે મુશ્કેલીમાં એકલો છોડીને ચાલ્યો આવ્યો એ સારુ તેને કાયર કહેવા લાગ્યા. વળી કેટલાક તો તેના નામ પ્રમાણે જ તેનામાં ગુણ છે એમ કહીને તેની ઠેકડી ઉડાવવા લાગ્યા. કેટલાક તો તેને ઠપકો આપીને કહેવા લાગ્યા, "અરે, તું તો સાવ બીકણ માણસ છે! એક વાર જવાનું નક્કી કર્યા પછી આવી રીતે થોડીક મુશ્કેલી રસ્તામાં આવે, એટલે હું તારી માફક પાછો કદી ભાગી ન જ આવું." આવી રીતે બધા માણસો પોચકીદાસનો એક યા બીજી રીતે ઊધડો લેવા લાગ્યા. એથી પોચકીદાસ બિચારો એ બધાની વચ્ચે

ભોંઠો પડી ગયો. તેને મોં ઊંચું કરવું પણ ભારે થઈ પડયું! શરમનો માર્યો તે ભોંય ખોતરવા લાગ્યો.

હવે ભક્તરાજ પાસેથી ભીડભંજને વિદાય લીધી. એટલે તે એકલો પાછો વાડ તરફના રસ્તે જવા લાગ્યો. એટલામાં સામેના ખેતર પાસેથી કોઈ ઝડપથી એની તરફ આવતું દેખાયું. અને બે રસ્તા જ્યાં ભેગા થતા હતા ત્યાં પેલો અજાણ્યો માણસ ભક્તરાજને સામો મળ્યો.

## ૫

## દોઢડાહ્યાનું ડહાપણ

પેલા અજાણ્યા માણસનું નામ હતું દોઢડાહ્યો. તે 'વિષયનગર'માં રહેતો હતો. ત્યાં તેને ભક્તરાજ વિષે થોડી બાતમી મળી હતી. એટલે તે જરાય થોભ્યા વિના દોડતો દોડતો ભક્તરાજને મળવા આવ્યો હતો. તેણે આવતાં આવતાં કહ્યું: "અરે ભલા માણસ, ઢોરની માફક આટલો ભારે બોજો ઉપાડીને હાંફતો હાંફતો અને નિસાસા મૂકતો તું ક્યાં જઈ રહ્યો છે?"

ભક્તરાજ નમ્રતાથી બોલ્યો: "ભાઈ, સાચે જ હું ઢોરની માફક ભારે બોજો ઉપાડીને જઈ રહ્યો છું! અને હું ક્યાં જઈ રહ્યો છું, એમ તમે પૂછો છો? હું તો પેલી વાડ પાસે જે દરવાજો દેખાય છે ત્યાં જાઉં છું. મને એક ભલા પુરુષે એવી સલાહ આપી છે કે, જો હું ત્યાં જઈશ તો મને આ બોજામાંથી છૂટવાનો ઉપાય જડશે."

દોઢડાહ્યો — "તારે બૈરી-છોકરાં છે કે?"

ભક્તરાજ — "હા; પણ હું આ ભારે બોજાથી એટલો તો અકળાઈ ગયો છું કે, પહેલાં મને એ લોકોમાં જેવો આનંદ પડતો હતો એવો હવે રહ્યો નથી. વળી એ લોકો મારું કહ્યું માનીને મારી સાથે આવવા તૈયાર પણ થયા નહીં. એટલે હવે હું તો એમ જ માનું છું કે, મારે કોઈ જ નથી!"

દોઢડાહ્યો — "આમ ભાગંભાગા કરવાથી અને નિરાશ થવાથી આ બોજામાંથી કંઈ ઓછું છુટાવાનું છે? જરા ડાહ્યો થઈને મારું સાંભળ. હું તને જો સાચી સલાહ આપું, તો મારું તું માનશે ખરો કે?"

ભક્તરાજ — "તમારી વાત જો બરોબર હોય, તો માનવામાં મને શી હરકત છે? મારે તો સાચી સલાહની જ જરૂર છે."

દોઢડાહ્યો — "ઠીક ત્યારે; તું ધ્યાન દઈને સાંભળ. તને એવી સલાહ આપીશ કે, એનું આચરણ કરવાથી તું આ બોજાના ભારમાંથી જલદી મુક્ત થશે. અને જ્યાં સુધી તું એમાંથી છૂટો નહીં થાય, ત્યાં સુધી તને શાંતિ મળવાની નથી."

ભક્તરાજ — "ભાઈ, મારે પણ એ જ જોઈએ છે. કોઈ પણ હિસાબે આ બોજાના ભારમાંથી મુક્ત થાઉં તો બસ. પણ એમાંથી શી રીતે મુક્ત થવું એ મને સમજાતું નથી! વળી મારા દેશમાં એવો કોઈ માણસ પણ નથી જે

મને આ બાબતમાં સાચી સલાહ આપી શકે! એ કારણે તો હું આ બાજુ જઈ રહ્યો છું.”

દોઢડાહ્યો—“પણ તને પેલી વાડ તરફ જવાની સલાહ આપવાનું ડહાપણ કોણે ડહોળ્યું?”

ભક્તરાજ—“એક ભલા અને ઉમદા સજ્જને મને એ રસ્તો બતાવ્યો છે. તેમણે મારા જેવા કેટલાક માણસોને એ રીતે મદદ કરી છે. એનું નામ છે ધર્મદૂત.”

દોઢડાહ્યો—“ઓહોહો! તને તો બહુ મોટા માણસે સલાહ આપી છે ને! હું તો એવા રખડુ માણસની સલાહ કદી ન માનું. તને જે રસ્તે જવા તેણે કહ્યું છે એના જેવો ભયાનક અને મુશ્કેલીભર્યો રસ્તો બીજો એકેય નથી. તું એ ભાઈસાહેબનું માનીને જરા આગળ તો જા, પછી તને સમજ પડશે. તને થોડીઘણી મુશ્કેલી રસ્તામાં પડી હોવી જોઈએ. તારાં કપડાં જ એ વાતની સાક્ષી પૂરે છે. કેમ, ખરું ને! પરંતુ એ કળણવાળી જમીન તો હજી દુઃખોની શરૂઆત જ છે. મહેરબાન સાહેબ, જરા મારું બરોબર સાંભળી લો. હું તારા કરતાં મોટો છું. મારી આગળ તો તું બાળક જેવો છે. તને હવે પછી રસ્તામાં થાક, પીડા, ભૂખ, આપત્તિ, ટાઢ, તાપ, સિંહ, સાપ, ઘોર અંધકાર અને એક જ શબ્દમાં કહું તો મોત સામે આવીને મળશે. અને બીજી પારાવાર મુશ્કેલીની તો વાત જ શી કરવી? તને કદાચ મારી વાતમાં ભરોસો ન આવતો હોય. પણ મારી પાસે એના જોઈએ તેટલા પુરાવા મોજૂદ છે. મારા

તો મગજમાં જ નથી બેસતું કે, માણસો આવી રીતે જેવા તેવા નકામા માણસનું સાંભળીને શા માટે અંધારામાં ભૂસકો મારતા હશે?"

ભક્તરાજ—"પણ ભાઈ, તમે જે બધી ભયંકર મુશ્કેલીઓ બતાવી, તેના કરતાં પણ મને મારા ખભા પરનો આ બોજો વધારે ભયંકર અને ત્રાસદાયક લાગે છે! ભલેને, રસ્તામાં કેટલીય ભારે મુશ્કેલીઓ આવે. મને એની કશી પરવા નથી. મોતથી ડરી જાઉં એવો હું નથી. પરંતુ આ બોજો મને બહુ આકરો થઈ પડયો છે!"

દોઢડાહ્યો—"પણ અલ્યા, તારે માથે આ બોજો શી રીતે આવી પડયો?"

ભક્તરાજ—"આ ધર્મ-ગ્રંથ વાંચતાં મને એનું ભાન થયું."

દોઢડાહ્યો—"ખરોબર, મને પણ એ જ વિચાર આવ્યો હતો. તારી માફક જ કાચા મનના લોકો પોતાને વિષે વધારે પડતું માની બેસે છે અને પછી આમ બીજાના ચડાવવાથી અવળે પાટે ચડી જાય છે! પણ એ રીતે તેઓ પોતાની સાચી સ્થિતિ વીસરી જઈ ખોટાં સાહસો કરવા અંધારામાં ભૂસકો મારવા તૈયાર થઈ જાય છે. એ મૂરખના સરદારોને પોતાને જ ભાન હોતું નથી કે, તેઓ શા સારુ આમ કરી રહ્યા હોય છે."

ભક્તરાજ—"પણ ભાઈ, મને તો મારા આ સાહસનો પૂરેપૂરો ખ્યાલ છે. મારો આ અસહ્ય બોજો દૂર કરવા માટે જ મેં આ રસ્તો પકડયો છે."

દોઢડાહ્યો—"પણ ભલા માણસ, તારા માર્ગે તો મુશ્કેલીઓ વિના બીજું કશું છે જ નહીં. તો પછી તું બોજો દૂર કરવાની આવી વાહિયાત વાતો શું કામ કરે છે? મારું સાંભળવાની તારામાં ધીરજ હોય તો હું તને માર્ગ બતાવું. જો તું મારું માનશે તો તને આ રસ્તે જે મુશ્કેલીઓ આવવાની છે તેમાંથી તું બચી જશે. ખરી રીતે એનો ઉપાય તારા હાથમાં જ છે. તને સુખ મળશે એથી મારું કંઈ દળદર ફીટવાનું નથી. પરંતુ ભલે કોઈ બિચારું સુખી થતું હોય, એવા શુદ્ધ ભાવથી જ તને આ રીતે વણમાગી સલાહ આપવા હું તૈયાર થયો છું. તને હું બતાવું છું એ રસ્તે મુશ્કેલીઓ નહીં પડશે, એટલું જ નહીં પણ ત્યાં જવાથી તને આશરો મળશે, ભાઈબંધો મળશે અને તને પૂરતો સંતોષ પણ મળશે."

ભક્તરાજ—"તો તો ભાઈ, મહેરબાની કરી મને એ રસ્તો બતાવો!"

દોઢડાહ્યો—"અરે, એમાં તે શી મોટી વાત છે! બાજુના જ ગામમાં ન્યાયશાસ્ત્રી નામે એક મોટો કાયદાબાજ માણસ રહે છે. તે આ તરફ બહુ જ ખ્યાતિ પામ્યો છે. ખભા ઉપર ભારે બોજો ઉપાડનારા તારા જેવા માણસોને બોજામાંથી મુક્ત કરવાની કુશળતા તેનામાં છે. મને જેટલી ખબર છે તે પરથી હું કહી શકું કે, એ ભલા ન્યાયશાસ્ત્રીએ ઘણા દુઃખી માણસોને મદદ કરી છે. તું એની પાસે જા. એ જરૂર તને સહાય કરશે. જો તે ઘેર ન હોય તો તેનો મોટો દીકરો હશે. એ દીકરો પણ એના બાપ

જેવો બાહોશ છે. હું તો તને ત્યાં જ જવાની સલાહ આપું છું. ત્યાં તારો બોજો જરૂર દૂર થશે. બોજો દૂર થયા પછી જો તારી ઇચ્છા ફરીને ઘેર જવાની ન હોય તો—હું તો જાણે તને પાછા ઘેર જવાની સલાહ ન જ આપું—તારાં બૈરીછોકરાંને પણ એ ગામમાં તું બોલાવી શકે છે. ત્યાં ઘણાં મકાનો ખાલી જ પડ્યાં છે. બહુ જ ઓછી કિંમતે તને આલીશાન મકાન સહેલાઈથી વેચાતું મળશે. વળી અહીં અનાજ તેમ જ બીજી બધી જરૂરિયાતની ચીજો ખૂબ જ સસ્તી મળે છે."

ભક્તરાજ દોઢડાહ્યાની આ વાત સાંભળીને વિચારમાં પડી ગયો. તેને થયું કે, 'જો આ ભલા માણસે જે કંઈ કહ્યું એ ખરું જ હોય, તો એમની સલાહ માનવામાં જ ડહાપણ છે' એમ વિચાર કરી તે બોલ્યો: "ભાઈ, તમે જે ગૃહસ્થને ઘેર જવા કહો છો ત્યાં જવા માટે કયે રસ્તે જવું જોઈએ?"

દોઢડાહ્યો—"તને પેલી દૂર ઊંચી ટેકરીઓ દેખાય છે કે?"

ભક્તરાજ—"હા, બરોબર દેખાય છે."

દોઢડાહ્યો—"તું એ ટેકરીઓ તરફ જજે અને જે પહેલું મકાન આવે એ જ ઘેર પૂછજે. ઠીક ત્યારે, હવે હું મારે કામે જાઉં છું."

એટલું કહીને દોઢડાહ્યો ત્યાંથી પાછો ફર્યો. ભક્તરાજ ન્યાયશાસ્ત્રીના ઘર તરફના રસ્તે વળ્યો. પરંતુ જ્યારે તે



ટેકરીઓની વચ્ચોવચ પહોંચ્યો ત્યારે તેણે જોયું કે, ત્યાંથી પસાર થતો રસ્તો ઘણો ઊંચો અને વિકટ હતો! તે જ્યાં ઊભો હતો એના ઉપર નજર કરતાં તે ત્યાં ને ત્યાં થથરી ગયો. તેના માથા ઉપર એક મોટી ભેખડ આગળ ધસી આવી હતી અને એ ક્યારે તૂટી પડશે એ કહેવાય એમ નહોતું! હવે શું કરવું, એની તેને સૂઝ પડી નહીં. વળી તેનો બોજો જે થોડો હળવો થયો હતો એ હવે વધારે ભારે થતો જતો હતો! એટલામાં તો ટેકરીઓની આસપાસથી આગના ભડકા નીકળવા લાગ્યા. ભક્તરાજ તો આ અણધારી આફત જોઈને ધ્રૂજી ઊઠ્યો. દોઢડાહ્યાનું માની તે આ રસ્તે આવ્યો એ સારુ તે હવે ખૂબ પસ્તાવા લાગ્યો. તેના આખા શરીરે પરસેવો છૂટવા લાગ્યો. તેનું શરીર ભયથી કંપવા લાગ્યું. હવે તેને માથે શી મોટી આફત આવી પડશે એ તેને સમજાયું નહીં!

૬

# ધર્મદૂતની સલાહ

ભક્તરાજ પોતાની આવી ગફલત માટે ખૂબ પસ્તાવો કરવા લાગ્યો. આવી અજાણી ભયંકર જગ્યાએ તેને સહાય કરનાર પણ કોણ હોય! તે ઘૂંટણિયે પડીને પ્રભુને યાદ કરીને ખૂબ આર્ત અવાજે એક ભક્તજનના ભજનનું રટણ કરવા લાગ્યો:—

પ્રભુ! શરણ ચરણમાં રાખો રે,
  પાવલે લાગું!
વહાલાજી અંતરયામી,
  મારા હૃદય-કમલના સ્વામી;
અલબેલા પ્રેમી નામી રે,
  પાવલે લાગું! પ્રભુ૦
બાળકનું જોર પ્રભુ, શું?
  જો હોય કશું તો રડવું!
એ જોરે મારે તરવું રે,
  પાવલે લાગું! પ્રભુ૦*

ભક્તરાજ આ રીતે આંસુ ભરેલી આંખે પ્રભુનું સ્મરણ કરતો હતો, એવામાં તેણે ધર્મદૂતને તેની પાસે આવતો

* આ કથામાંનાં કાવ્યો એક ભક્તકવિએ રચેલાં છે. તેઓશ્રીની અનુજ્ઞાથી એ લીધાં છે. પૂ. શ્રી મોટા.

જોયો. તેને જોઈને ભક્તરાજ પોતાની ભૂલ માટે ખૂબ શરમાવા લાગ્યો.

ધર્મદૂત તેની પાસે આવીને કડક અને ઠપકાભરી રીતે તેની તરફ જોઈને તેને પૂછવા લાગ્યો: "કેમ ભક્તરાજ, તું અહીં ક્યાંથી?"

ભક્તરાજને જવાબ આપવો ભારે થઈ પડ્યો! તે એની પાસે નીચું મોં કરી અવાક્ ઊભો રહ્યો.

ધર્મદૂતે ફરી પૂછ્યું: "પેલી 'વિનાશની નગરી'ની બહાર રોકકળ કરતા માણસને મેં જોયો હતો એ શું તું જ છે કે?"

ભક્તરાજ — "હા જી; હું એ જ પામર માણસ છું!"

ધર્મદૂત — "મેં તને વાડ તરફના દરવાજા ભણી જવા નહોતું કહ્યું?"

ભક્તરાજ — "જી; આપે કહ્યું હતું."

ધર્મદૂત — "તો પછી તું આટલી જલદી કેમ અવળે રસ્તે ચડી ગયો? તું હવે વિનાશને માર્ગે જઈ રહ્યો છે."

ભક્તરાજ — "હે ધર્મદૂત, 'નિરાશાની કળણભૂમિ'માંથી બહાર નીકળ્યા પછી મને એક ભાઈ રસ્તે મળ્યા. તેમણે મને સલાહ આપી કે, બાજુના ગામમાં એક સજ્જન રહે છે; તે મારો આ બોજો દૂર કરવામાં મને મદદ કરી શકશે."

ધર્મદૂત — "એ ભાઈ વળી કોણ હતો?"

ભક્તરાજ — "તે બહુ ભલા માણસ જેવા દેખાતા હતા. તેમણે મને એવી રીતે સમજાવ્યો કે, તેમનું મારે

માનવું જ પડ્યું! તેથી હું આ તરફ આવ્યો છું. પરંતુ જ્યારે મેં આ ભેખડને મારા માથા પર ધસી આવતી જોઈ, ત્યારે હું એકદમ અહીં થંભી ગયો. મને થયું, રખેને તે મારા માથા પર તૂટી પડે!"

ધર્મદૂત—"પણ એ માણસે તને એવું તે શું કહ્યું હતું?"

એટલે ભક્તરાજે આખી ઘટના ધર્મદૂતને કહી સંભળાવી. પછી તે કરગરીને બોલ્યો: "હે દયાળુ ધર્મદૂત, મારે હવે શું કરવું એ મને કશું સૂઝતું નથી! મને કંઈક ઉપાય બતાવો."

ધર્મદૂત બોલ્યો: "તું અહીં જ શાંતિથી ઊભો રહે. હું તને પ્રભુનો સાચો આદેશ સમજાવું છું. આ દુનિયામાં આપણને કોઈ કશું કહે, તો રખેને તેને ખોટું લાગી જશે એમ માનીને આપણે તેને એકદમ ના પાડતા નથી. જો એમ કરીએ તો તે માણસની નારાજી વહોરી લેવી પડે છે. તો પછી પ્રભુએ આપણને જે આદેશ આપ્યો હોય તેની અવગણના કરીએ તો પ્રભુ પણ નારાજ થાય કે નહીં? પ્રભુએ તો કહ્યું જ છે: 'જે લોકો મારામાં વિશ્વાસ રાખી જીવન જીવે છે તેઓને હું સન્માર્ગે દોરું છું. પરંતુ જેઓ મારી સામેથી મોઢું ફેરવીને પોતાની જ ઇચ્છા પ્રમાણે ચાલે છે, તેઓને હું કઈ રીતે દોરી શકું?' ભક્તરાજ, તું પણ હાથે કરીને આ આફતમાં આવી પડ્યો છે. પ્રભુએ બતાવેલા સાચા માર્ગને છોડીને મોતના મોઢામાં ધકેલી મૂકે એવા વિનાશના પંથે જવા તેં સાહસ કર્યું છે."

આ સાંભળીને ભક્તરાજ ધર્મદૂતને પગે પડી રડતો રડતો કહેવા લાગ્યો: "મને ધિક્કાર હજો! મોત વિના હવે મારો છૂટકો નથી!"

એટલે ધર્મદૂતે તેના હાથ ઝાલી તેને ઊભો કર્યો અને કહ્યું: "માણસના કોઈ પણ પાપ કે કલંકને દયાળુ પ્રભુ માફ કરે છે. પ્રભુમાં વિશ્વાસ રાખી તેની ઇચ્છા મુજબ જીવન જીવતાં શીખો. પ્રભુ એવા શ્રદ્ધાળુ માણસને ઉગારી લે છે."

ધર્મદૂતનાં આ વચનો સાંભળી ભક્તરાજને કંઈક શાંતિ વળી. પણ તે પસ્તાવો કરતો જ રહ્યો.

પછી ધર્મદૂતે કહ્યું: "હું તને જે કહું છું તે તું બરોબર ધ્યાનમાં રાખજે. ઢોઢડાહ્યા જેવા માણસોની આ દુનિયામાં ખોટ નથી. એ લોકો સંસારી સુખમાં રાચતા હોય છે અને પ્રભુની તરફ લઈ જનારો ધર્મપરાયણ માર્ગ તેઓને રુચતો નથી. એ લોકોને વિષયસુખ ગમતાં હોય છે અને તેથી તેઓ બીજા લોકોને પણ પોતાની પંગતમાં ભેળવવા હંમેશાં મથતા હોય છે. એટલે જ તો તું જે સાચે રસ્તે જઈ રહ્યો હતો ત્યાંથી અવળે માર્ગે તને દોરવા ઢોઢડાહ્યાએ ડાહી ડાહી વાતો કરી તને ભરમાવ્યો હતો. એ માણસની વાતમાં ત્રણ બાબતો રહેલી છે: એક તો તને તારા સાચા માર્ગથી ખોટે માર્ગે વાળવાની; બીજી બાબત એ કે, પ્રભુમાં તને જે નિષ્ઠા છે તેમાંથી તને ચળાવવાની અને ત્રીજી બાબત એ કે, તને એવા રસ્તે દોરવો જેથી તારો નાશ જ થાય!

"વળી, તને બાજુના ગામમાં રહેતા સજ્જનની વાત દોઢડાહ્યાએ કરી છે. તે માણસ પોતે તેમ જ તેનું આખું કુટુંબ સંસારના બંધનમાં એવું તો ફસાયેલું છે કે તને તારા બોજામાંથી તે શી રીતે મુક્ત કરી શકત?

"દોઢડાહ્યો અને તેના સોબતીઓ બધા ઠગ લોકો છે. એ લોકો મોટી મોટી ડંફાસની વાતો કરીને અને ખોટી આશા આપીને સારા માણસને ખોટે રસ્તે—અધોગતિને રસ્તે—દોરી જનારા છે. યાદ રાખજે કે આ દુનિયામાં આપણે વરુઓના ટોળામાંથી ઘેટાં બનીને માર્ગ કાઢવાનો છે. તેથી આપણો કોઈ સંહાર ન કરે એની સાવચેતી સદા રાખવી રહી. પ્રભુને આશરે રહી, નમ્રતા કેળવી, લોભલાલચથી દૂર રહી આપણે આગળ વધવાનું છે. માટે રસ્તામાં દોઢડાહ્યા જેવા માણસ આપણો દુરુપયોગ ન કરે એની તકેદારી રાખવી રહી."

ધર્મદૂતે આમ કહ્યું, ત્યાં તો ભક્તરાજ જે ટેકરી પાસે ઊભો હતો ત્યાંથી એકાએક આગ ઝરવા લાગી અને ગડગડાટ થવા લાગ્યો.

ભક્તરાજ તો જાણે મોત સામે જ આવીને ઊભું હોય એમ ભયથી થથરી ગયો. તે દોઢડાહ્યાને શાપ દેવા મંડ્યો. આવા માણસની વાત માનવા માટે તે પોતાને મૂરખનો સરદાર કહેવા લાગ્યો. દોઢડાહ્યા જેવો માણસ માત્ર ઉપરછલી અને લોભાવનારી વાતો કરીને તેને ખોટે રસ્તે દોરવા સફળ થયો, એ ભક્તરાજને પોતાને ખરેખર ખૂબ જ શરમભરેલું જણાયું.

તે ગળગળા અવાજે ધર્મદૂતને આજીજી કરતો બોલ્યો : "હે ભલા ધર્મદૂત, શું હવે મારે માટે ઊગરવાનો કોઈ આરો જ નથી? શું હું અહીંથી પાછો ફરીને વાડ પાસેના દરવાજા ભણી જઈ શકીશ ખરો? દોઢડાહ્યાની સલાહ માનીને હું લોભમાં ફસાઈ પડ્યો એ માટે મને ખૂબ જ પસ્તાવો થાય છે. શું પ્રભુ મને મારા આ દોષની માફી આપશે ખરા?"

ધર્મદૂતે કહ્યું : "ભક્તરાજ, તેં બે ભારે દોષ કર્યા છે : એક તો તેં સારા માર્ગનો ત્યાગ કર્યો અને બીજું એ કે જે રસ્તે જવાની તને મનાઈ કરી હતી તે રસ્તે તું વળ્યો. તોયે પરમ કૃપાળુ પ્રભુ તને સહાય કરશે જ. તું ફરીને સાચે માર્ગે જઈ શકશે. દરવાજા પાસેના મંદિરમાં રહેતો માણસ તારો સ્વીકાર કરશે. કારણ કે તે સૌનું કલ્યાણ ચાહે છે. તેનું નામ જ 'કલ્યાણ' છે. એ કલ્યાણ તને કલ્યાણકારી માર્ગ જરૂર બતાવશે. પણ હવે પછી એટલી ખબરદારી રાખજે કે રસ્તે બીજા કોઈનું માનીને તું ખોટે માર્ગે ન જતો. નહીં તો તારો નાશ થશે. લોભ, મોહથી દૂર રહેનાર જ જીવન-સંગ્રામમાં જીતે છે."

આટલું કહીને ધર્મદૂત ભક્તરાજને આશીર્વાદ આપીને વિદાય થયો. ધર્મદૂત જતાં ભક્તરાજ પાછો પહેલાંના રસ્તે જવા ઝડપભેર ચાલવા લાગ્યો.

# કલ્યાણને દ્વારે

ભક્તરાજ રસ્તે મળનાર કોઈની સાથે પણ જરાયે બોલ્યો નહીં. મનમાં પ્રભુનું સ્મરણ કરતો તે આગળ વધતો હતો. છેવટે જ્યાં દોઢડાહ્યો મળ્યો હતો એ જગ્યાએ તે આવી પહોંચ્યો. પછી ત્યાં કંઈક છુટકારાનો દમ લઈ તે દરવાજા ભણી ઉતાવળે ડગ ભરવા લાગ્યો.



થોડી વારમાં તે દરવાજા પાસે આવી ગયો. દ્વાર ઉપર લખ્યું હતું: 'બારણું ઠોક અને તારે માટે ઊઘડશે.'

ભક્તરાજે બેત્રણ વાર બારણું ઠોક્યું. આખરે ગંભીર મુખાકૃતિવાળા વયોવૃદ્ધ માણસે આવીને દ્વાર ઉઘાડ્યાં. તે બુઝુર્ગ માણસનું નામ કલ્યાણ હતું. કલ્યાણે ભક્તરાજને

કહ્યું : "હે મુસાફર, તું કોણ છે અને ક્યાંથી આવે છે?"

ભક્તરાજ — "બાબા, હું તો ભારથી લદાયેલો પાપી માણસ છું! હું 'વિનાશની નગરી'માંથી આવું છું. ત્યાં થોડા વખત પછી ભયંકર ઉલ્કાપાત થવાનો છે. એમાંથી બચવા માટે હું અહીં આવ્યો છું. મને ધર્મદૂતે એ આફતમાંથી ઊગરવાનો માર્ગ બતાવ્યો છે. તેમણે મને અહીં આવવાની સલાહ આપી છે."

ભક્તરાજનું બોલવું સાંભળીને કલ્યાણે એને અંદર દાખલ કર્યો. ભક્તરાજને એક આસન પર બેસાડીને કલ્યાણે પૂછ્યું : "તું એકલો જ અહીં શી રીતે આવ્યો? તારી સાથે આવવા કોઈ તૈયાર ન થયું?"

ભક્તરાજ — "ના જી; કારણ કે મારા પાડોશીઓ જે આફત ભવિષ્યમાં આવવાની છે તે મારી માફક જોઈ શક્યા નથી!"

કલ્યાણ — "તું અહીં આવ્યો છે એ વાત કોઈ જાણે છે ખરું?"

ભક્તરાજ — "હા જી; મારી પત્નીએ અને મારાં છોકરાંઓએ મને આ તરફ આવતો જોયો અને તેઓ મને પાછા ફરવાનું કહેવા લાગ્યાં. વળી કેટલાક પાડોશીઓ પણ મોટેથી સાદ પાડીને મને પાછો બોલાવવા લાગ્યા પણ મેં તો કાનમાં આંગળી ઘાલીને આ તરફ જ દોડવા માંડ્યું."

કલ્યાણ—"ઠીક; પણ તેઓમાંથી કોઈ તારી પાછળ પડીને તને ઘેર પાછો લઈ જવા તૈયાર નહોતું થયું?"

ભક્તરાજ—"હા જી; હઠરાય અને પોચકીદાસ એ બંને જણા આવ્યા હતા ખરા. પરંતુ જ્યારે તેમને ખાતરી થઈ કે, હું નમતું આપું એમ નથી, ત્યારે હઠરાય પાછો ચાલ્યો ગયો. પરંતુ પોચકીદાસ થોડેક સુધી મારી સાથે આવ્યો હતો ખરો."

કલ્યાણ—"પણ એ તારી સાથે અહીં સુધી કેમ ન આવ્યો?"

ભક્તરાજ—"પોચકીદાસ મારી સાથે 'નિરાશાની કળણભૂમિ' સુધી આવ્યો હતો. પણ અમે બંને જણ કાદવમાં ખૂંપી ગયા! એટલે પોચકીદાસ ગભરાઈ ગયો અને તેણે આગળ આવવાની હિંમત ન કરી. એ ત્યાંથી જ દોટ મૂકીને ઘેર ભાગી ગયો."

કલ્યાણ—"અરેરે, બાપડાને સ્વર્ગના સુખની સાચી મહત્તા ન સમજાઈ! નહીં તો આટલી મુશ્કેલી નડતાં તે આમ જીવ વહાલો કરીને નાસી ન ગયો હોત."

ભક્તરાજ—"મેં આપને પોચકીદાસ વિષે સાચી હકીકત કહી. અને એ જ રીતે મારી પણ સાચી હકીકત આપને જણાવું, તો આપ સહેજે જોઈ શકશો કે, મારામાં અને પોચકીદાસમાં કશો ફેર નથી! હું પણ રસ્તામાં દોઢ-ડાહ્યાની દુન્યવી સુખની વાતો સાંભળીને ભોળવાઈ જઈ મોતને રસ્તે ચડી ગયો હતો."

કલ્યાણ—"અરે, શું તું પણ એની જાળમાં ફસાઈ પડચો હતો! એ લોકો તો મોટા ઠગારા છે. તેં પણ એનું કહ્યું માન્યું? અને ખોટે રસ્તે ચડી ગયો?"

ભક્તરાજ—"મારી મૂર્ખાઈની આપને શી વાત કહું! એ તો ભગવાનની કૃપાથી ધર્મદૂતે મને એ ભયંકર આફત-માંથી બચાવી લીધો. નહીં તો મારું આવી જ બન્યું હોત!"

કલ્યાણ—"ચાલો; હવે જે થયું તે થઈ ગયું. કેટલીયે મોટી ભૂલો કરનાર માણસ જો સન્માર્ગે આવવાનો પ્રયત્ન જારી રાખે અને અહીં આવી પહોંચે, તો તેનાં બધાં સ્ખલનો માફ થઈ જાય છે. અહીં સુધી તું આવ્યો એ જ તારી મોટી સિદ્ધિ છે. હવે ભક્તરાજ, તું મારી સાથે આવ. તારે હવે પછી જે રસ્તે જવાનું છે એ વિષેની બધી માહિતી તને આપું છું. એ બધું તું બરોબર ધ્યાન દઈને સાંભળજે. તારું જરૂર કલ્યાણ થશે.

"સામેની બાજુએ જો; તને પેલો સાંકડો રસ્તો દેખાય છે કે? એ જ રસ્તે તારે જવાનું છે. એ રસ્તો સંતોએ, મહાત્માઓએ, પયગંબરોએ અને શહીદોએ આત્મબલિદાન આપીને તૈયાર કર્યો છે. એ રસ્તો સીધેસીધો પસાર થાય છે. એ સીધા તેમ જ સાંકડા રસ્તે તારે જવાનું છે."

ભક્તરાજ—"મારા જેવા અજાણ્યા પ્રવાસીને ભુલા-વામાં નાખી દે એવા વળાંક તેમ જ ખૂણાખાંચરા એ રસ્તે આવે છે ખરા કે?"

કલ્યાણ—"હા; એવા ઘણા રસ્તા આસપાસથી આવીને એને મળે છે. એ રસ્તાઓ પહોળા અને વળાંકવાળા

છે. પણ તને ખરો તેમ જ ખોટો માર્ગ ઓળખતાં આવડવું જોઈશે. ખરો માર્ગ હંમેશાં સીધો અને સાંકડો હોય છે.”

પછી ભક્તરાજે કલ્યાણને પૂછ્યું : “ બાબા, મારા ખભા પર આ જે ભારે બોજો છે તે દૂર કરવા આપ મદદ ન કરી શકો? હું તો આ ભારથી ખરેખર ત્રાસી ગયો છું!”

કલ્યાણ—“ જ્યારે તું મુક્તિને સ્થાને પહોંચી જશે, ત્યારે આ બોજો આપોઆપ તારા ખભા પરથી નીચે પડી જશે.”

પછી ભક્તરાજ આગળ જવા માટે કમર કસીને તૈયાર થઈ ગયો. કલ્યાણે તેને કહ્યું: “ ભક્તરાજ, આ દરવાજેથી થોડે દૂર જતાં ‘દર્શક’ નામના એક સજ્જનનું ઘર આવશે. તેનું બારણું તું ઠોકજે. એ તને કેટલીક ઉત્તમ વસ્તુઓ બતાવશે.”

પછી ભક્તરાજ કલ્યાણના આશીર્વાદ લઈને આગળ પ્રયાણ કરવા લાગ્યો.

## ૮

# જીવન-ઉપયોગી દર્શન

ભક્તરાજે દર્શકના ઘેર પહોંચતાં બારણું ઠોક્યું. એટલે એક તેજસ્વી પુરુષ બારણું ઉઘાડી બહાર આવ્યો. તેનું જ નામ 'દર્શક' હતું. દર્શકે કહ્યું: "આવો, અંદર આવો. તમે ક્યાંથી આવો છો?"

ભક્તરાજ કહે: "ભાઈ, મારું નામ ભક્તરાજ છે. હું 'વિનાશની નગરી'માંથી આવું છું. કલ્યાણે મને અહીં મોકલ્યો છે. તેમણે મને કહ્યું છે કે, આપ મારા માર્ગમાં સહાયરૂપ થાય એવી વસ્તુઓ બતાવશો."

દર્શકે કહ્યું: "અંદર આવ. તને લાભદાયક વસ્તુઓ બતાવું." એમ કહી દીવાને અજવાળે ભક્તરાજને તે અંદરના ભાગમાં લઈ ગયો. ત્યાંના એક માણસે એક પડદો ખસેડયો. ભક્તરાજે ભીંત પર ગંભીર અને પ્રેમાળ મુખાકૃતિવાળા એક સંતનું ચિત્ર જોયું. તેણે આકાશ ભણી નજર કરી હતી અને તેની પાસે કેટલાક ધર્મ-ગ્રંથો પડેલા હતા. તેના મુખ ઉપર પવિત્રતા અને સાત્ત્વિકતાનો દિવ્ય પ્રકાશ ઝળકતો હતો. તેના ખભા ઉપર ધરતી ટેકવવામાં આવી હતી.

ભક્તરાજે દર્શકને પૂછ્યું: "આ ચિત્રનો અર્થ શો થાય છે?"

દર્શક — "આ ચિત્રમાં જે માણસ છે એવા માણસો આ દુનિયામાં બહુ ઓછા હોય છે. તને રસ્તે જે જે મુશ્કેલીઓ આવવાની છે તેમાંથી ઊગરવાનો ઉપાય તને આવા સંતજનો જ બતાવશે. માટે આ ચિત્રમાં દોરેલા ધર્માત્માને બરોબર નિહાળી લે અને તેમને હંમેશાં યાદ રાખજે."

પછી દર્શક ભક્તરાજને એક બીજા ઓરડામાં લઈ ગયો. તે ઓરડો ધૂળથી ભરેલો હતો. કારણ કે તેને સાફ કરવામાં આવ્યો નહોતો. થોડી વાર પછી દર્શકે એક માણસને ઓરડો સાફ કરવા કહ્યું.

હવે, તે જ્યારે ઓરડો સાફ કરવા લાગ્યો, ત્યારે ચારે બાજુ ધૂળ ઊડવા લાગી. એથી ભક્તરાજનું ગળું પણ રૂંધાઈ ગયું.

પછી દર્શકે તેની બાજુમાં ઊભેલી 'ધર્મગાથા' નામની બાઈને કહ્યું: "પાણી લઈ આવ અને અહીં છાંટ." અને જ્યારે એ પ્રમાણે કરવામાં આવ્યું, ત્યારે ઓરડો બરોબર વાળી શકાયો અને સ્વચ્છ થયો!

ભક્તરાજે આ બધું જોઈને ઉત્સુકતાથી પૂછ્યું: "આ પાછળનું રહસ્ય મને સમજાવશો?"

દર્શકે કહ્યું: "આ ઓરડો એ માણસનું હૃદય છે, જે ધર્મગાથાના પ્રેમળ સ્પર્શથી કદી ચોખ્ખું કરવામાં આવ્યું નથી. ધૂળ એ તેનાં પાપકર્મો છે, જે માણસને મલિન કરે છે.

"જે એને પહેલાં સાફ કરવા લાગ્યો તે 'નીતિ-નિયમ' છે. તેં જોયું કે, જ્યારે પેલો માણસ વાળવા

લાગ્યો, ત્યારે બધે ધૂળ ધૂળ થઈ ગઈ. એનાથી ઓરડો સાફ થવાને બદલે ઊલટો માણસને ગૂંગળાવી મૂકે એવો બની ગયો! આ પ્રસંગથી એવું દર્શાવવામાં આવ્યું છે કે, નીતિનિયમ માણસને પાપમાંથી મુક્ત કરવાને બદલે પાપને છંછેડીને ઉશ્કેરે છે અને હૃદયમાં ધમાલ મચાવી મૂકે છે. તે પાપને જોઈ શકે છે, પાપને વધતાં અટકાવવા બનતો પ્રયત્ન કરે છે; પરંતુ પાપ ઉપર તે પૂરેપૂરો વિજય ન મેળવી શકે.

"ત્યાર બાદ તેં જોયું કે, જ્યારે પેલી બાઈએ પાણી છાંટયું, ત્યારે એ ઓરડાને સુખેથી સાફ કરી શકાયો. એ એમ દર્શાવે છે કે, જ્યારે ધર્મગાથા આવે છે, ત્યારે તેની પ્રેમળ અસર હૃદય પર પડે છે. જેમ ધૂળ શાંત થઈ ગઈ અને ઓરડો સાફ કરી શકાયો, તેમ પાપકર્મોને પણ ધર્મગાથા ઉપરની શ્રદ્ધાને બળે હરાવી શકાય છે અને હૃદયને નિર્મળ કરી શકાય છે."

પછી દર્શક ભક્તરાજનો હાથ પકડીને તેને ત્રીજા ઓરડામાં લઈ ગયો. ત્યાં બે નાની છોકરીઓ બેઠી હતી. મોટી છોકરી ખૂબ અસ્વસ્થ હતી, જ્યારે નાની શાંતિથી બેઠી હતી.

ભક્તરાજે મોટી છોકરીને બતાવીને દર્શકને પૂછ્યું : "આ કેમ ખૂબ અસ્વસ્થ દેખાય છે?"

દર્શકે કહ્યું : "એનું નામ છે 'તૃષ્ણા'. એના પાલક પિતાએ એને જોઈતી વસ્તુઓ માટે થોડો વખત થોભવા કહ્યું છે. પણ તૃષ્ણાને બધું હમણાં ને હમણાં જ જોઈએ છે.

જ્યારે પેલી બાળકી 'ધીરજ' એ દિવસની રાહ જોઈને શાંત બેઠી છે."



થોડી વાર પછી એક જણે આવીને તૃષ્ણા પાસે ઘણી વસ્તુઓનો ઢગલો કરી દીધો. તૃષ્ણા એ જોઈને ખૂબ અધીરી બની ગઈ અને આ લઉં કે પેલું લઉં, એની ધાંધલમાં પડી ગઈ. એમ કરવા જતાં તેણે બધી વસ્તુઓને ચૂંથી નાખી અને ભાંગી-તોડી નાખી!

આ જોઈને ભક્તરાજ બોલ્યો: "બાબા, આનો અર્થ શો થાય છે એ મને સમજાવો."

દર્શકે કહ્યું: "તૃષ્ણા એ આ જગતના સૌ માણસોમાં વસેલી છે. એ બધું આ જન્મમાં જ અને અબઘડીએ જ મેળવવા તલસે છે. જ્યારે ધીરજ એ દૈવી ગુણ છે. એની બધી તૈયારી ભાવિ જીવન માટેની છે. એ શાંતિથી રાહ જોવાનું સમજે છે. ભક્તરાજ, તેં જોયું હશે કે, તૃષ્ણાને બધી મનગમતી વસ્તુઓ અહીં જ આપવામાં આવી, તોયે તે એકેય વસ્તુને સાજીસમી રાખી શકી નહીં. આવી જ દશા

આ દુનિયાના માણસોની પણ થાય છે. એ લોકોમાં તૃષ્ણા–વાસનાનું બળ એટલું બધું હોય છે કે, તેઓ બધી મનગમતી વસ્તુઓ આ જન્મમાં જ મેળવવા મથે છે અને છેવટે બધું જ ગુમાવી બેસે છે. એ લોકોમાં જરાયે ધીરજ હોતી નથી.”

ત્યાર પછી દર્શક ભક્તરાજને બીજે સ્થળે લઈ ગયો. ત્યાં ભીંતની અડોઅડ અગ્નિ સળગી રહ્યો હતો અને એક ભયાનક માણસ એ અગ્નિને બુઝાવવા પાણી રેડી રહ્યો હતો. પરંતુ અગ્નિ તો બુઝાઈ જવાને બદલે વધારે ને વધારે સળગ્યે જતો હતો!

પછી દર્શક ભક્તરાજને ભીંતની પાછળના ભાગમાં લઈ ગયો. ત્યાં એક તેજસ્વી માણસના હાથમાં તેલનું વાસણ હતું અને તે પેલા અગ્નિમાં છાની રીતે તેલ સતત રેડ્યા કરતો હતો.

ભક્તરાજે દર્શકને પૂછ્યું: “આમાં મને કશી સમજ પડતી નથી! આનો મર્મ શો છે?”

દર્શકે કહ્યું: “આ અગ્નિ એ આપણા અંતરમાં રહેલી પ્રભુ-પ્રેમની જ્વાળા છે. એ પાવક-જ્વાળા ઉપર પાણી રેડનાર સેતાન છે. તે દિવ્ય-અગ્નિને બુઝાવવા મથે છે. પરંતુ તેં જોયું કે, ભીંત પાછળથી એક માણસ છાનોમાનો સતત તેલ રેડીને અગ્નિને સળગતો રાખે છે. તે માણસ દિવ્યાત્મા છે. દિવ્યાત્માની મદદથી દરેક માણસના અંતરમાં પ્રભુના પ્રેમ-પંથની જ્વાળા હંમેશાં સળગ્યા કરે છે. સામાન્ય માણસ પ્રેમપંથની આ પાવક-જ્વાળાથી અકળાઈ જાય છે અને ત્યાંથી

ભાગવા મથે છે. જે સાચા શૂરા હોય છે તે જ એ જ્વાળાને જીરવી શકે છે.”

ત્યાર બાદ દર્શકે ભક્તરાજને બીજી કેટલીક વસ્તુઓ બતાવીને કહ્યું: “ભક્તરાજ, તને મેં જે જે વસ્તુઓ બતાવી છે એ તું બરોબર ધ્યાનમાં રાખજે. હવે તું તારે રસ્તે જા. પ્રભુ તને જરૂર સહાય કરશે.”

એટલે ભક્તરાજ દર્શકને નમન કરીને તેની રજા લઈ પોતાને રસ્તે જવા લાગ્યો.

## ૯

## ભાત ભાતકે લોક!

હવે ભક્તરાજ જે માર્ગે થઈને જતો હતો તેની બંને બાજુએ વાડ હતી. ભક્તરાજને બોજાનું વજન વધારે લાગતું હતું, છતાં તે ઝડપભેર ચાલવા પ્રયત્ન કરતો હતો.

રસ્તે જતાં તે એક ઊંચી જગ્યાએ આવેલા નાનકડા દેવાલય પાસે આવી પહોંચ્યો. તે દેવાલયની બાજુમાં ઊંડી ખીણ જેવું હતું. જેવો ભક્તરાજ દેવાલય પાસે આવ્યો કે તરત જ તેના ખભા પરનો બોજો હેઠે પડી ગયો અને ગબડતો ગબડતો તે પેલી ખીણમાં ક્યાંય અદૃશ્ય થઈ ગયો!

એ જોઈને ભક્તરાજ આનંદમાં આવી ગયો. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તે દેવાલયમાં જઈને ગદ્ગદ કંઠે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.



એવામાં ત્રણ દેવ-પુરુષો ભક્તરાજ પાસે આવ્યા. એકે કહ્યું: "ભક્તરાજ, તારાં બધાં પાપો નાશ પામ્યાં છે." બીજાએ ભક્તરાજનાં જૂનાં કપડાં કાઢી અને તેને નવાં કપડાં પહેરાવ્યાં. ત્રીજાએ ભક્તરાજને એક વીંટો આપીને કહ્યું: "રસ્તે તને આશ્વાસન મળે એ માટે આ વીંટો ખોલીને એમાંનાં સુવચનોનું મનન કરજે."

એમ કહીને તેઓ અદૃશ્ય થઈ ગયા.

પછી ભક્તરાજ આનંદમાં આવી ગાતો ગાતો આગળ જવા લાગ્યો:

ચરણ-કમળે ઢળી તારે,
જીવન મારું વીતવવું છે.
જીવનની ગડમથલ કેવી!
વિષે તે દિન વિતાવું હું;

ઉપાધિ કંઈ બીજી નડતાં,
તને ઊંડું સ્તવું છું હું. ચરણ-કમળે૦
બનવવું પૂરું મારે છે,
પ્રભુજી! યંત્ર આ તારું;
ચલાવ્યું તે પછી તારું,
જશે આગે પથે ઇચ્છયું. ચરણ-કમળે૦
ચલવજે માર્ગ તે મુજને,
બીજે મારે નથી જાવું;
હૃદય એ લક્ષ્યમાં રાખી,
પ્રભો! આવ્યો છું શરણે હું. ચરણ-કમળે૦

આમ ભક્તરાજ ભગવાનનું સ્મરણ કરતો જતો હતો, ત્યાં તેણે ત્રણ માણસોને ખાઈની અડોઅડ સૂતેલા જોયા! તેમના પગમાં સાંકળો હતી. ભક્તરાજે તેમની આવી દશા જોઈને તેમની પાસે જઈને તેમને ધીમેથી ઢંઢોળીને જગાડયા. ભક્તરાજ બોલ્યો: "અરે ભાઈઓ, તમે આ ખાઈ પાસે શા માટે સૂતા છો? તમે જરા પડખું ફર્યા હોત, તો ઊંડી ખાઈમાં ગબડી પડી મરી જાત ને? ભાઈઓ, સાવધ થઈ જાઓ અને મારી સાથે ચાલો. તમે જરૂર તમારા બંધનમાંથી પણ છૂટશો."

આ સાંભળીને તેમાંનો એક બોલ્યો: "ઊંહ! મને તો ભય જેવું કશું દેખાતું નથી!" બીજો કહે: "અરે ભાઈ-સાહેબ, તમે તમારે રસ્તે પડો ને! અલ્યાઓ, હજી ઘણી વાર છે. બરોબર ઊંઘી લો." ત્રીજો જરા મોં કટાણું કરી

બોલ્યો : “દરેક વાસણ પોતાના તળિયા પર જ ઊભું રહે છે. અમને પારકાની શિખામણની કશી જરૂર નથી.”

ભક્તરાજ તો એ લોકોનું આવું બોલવું સાંભળીને વિચારવા લાગ્યો : ‘અરે માણસો પણ કેવા વિચિત્ર હોય છે ! આ લોકોને ભયમાંથી બચાવવા મેં જગાડ્યા, ત્યારે તેઓ એની પરવા કર્યા વિના બેફાસ બની પાછા ઊંઘવા લાગ્યા !’

આમ તે વિચાર કરતો જતો હતો, એવામાં બે માણસો વાડ ઠેકીને રસ્તા પર આવ્યા અને ભક્તરાજની લગોલગ ચાલવા લાગ્યા. ભક્તરાજે તેમને પૂછ્યું : “ ભાઈઓ, તમે ક્યાંથી આવો છો અને ક્યાં જઈ રહ્યા છો ? ”

તેઓ — “ અમે ‘ મિથ્યા-કીર્તિ ’ નામના નગરમાંથી આવીએ છીએ અને સ્વર્ગધામ તરફ લાભદાયક વસ્તુઓ મેળવવા જઈ રહ્યા છીએ.”

ભક્તરાજ — “ પણ ભાઈઓ, તમે દરવાજે થઈને આવવાને બદલે આમ વાડ કૂદીને શા માટે આવ્યા ? આ તો ગુનો કહેવાય.”

તેઓ — “ અમારા નગરના લોકો એવા વહેમમાં માનતા નથી. અમે આવી નકામી બાબતનો વિચાર કરી અમારા મગજને તકલીફ આપતા નથી. અમે બધા લાંબો રસ્તો લેવા કરતાં ટૂંકો રસ્તો જ વધારે પસંદ કરીએ છીએ. કોઈ પણ હિસાબે ધારેલી જગ્યાએ પહોંચી જઈએ તો બસ. ”

ભક્તરાજ — “ પરંતુ ભાઈઓ, આપણે કાયદાનો ભંગ ન કરવો જોઈએ.”

તેઓ — "અરે ભાઈસાહેબ, મૂકોને આ બધી માથાફોડ! અમારે જે રસ્તે જવાનું છે એ રસ્તે જઈ રહ્યા છીએ, તો પછી કયે રસ્તે થઈને આવ્યા એની નકામી પંચાત કરવાની શી જરૂર? અમે અંદર આવ્યા એટલું બસ છે. તમે દરવાજે થઈને અહીં આવ્યા અને અમે વાડ ઠેકીને અહીં આવ્યા. એમાં શો ફરક પડી ગયો? આપણે બંને આખરે એક જ રસ્તે છીએ ને!"

ભક્તરાજ — "ના, ભાઈ, ના. એમ લગારે નથી. હું પ્રભુના આદેશ અનુસાર દરવાજે થઈને આવ્યો. જ્યારે તમે તમારી મતિ પ્રમાણે રસ્તો કાઢી ખોટી રીત અખત્યાર કરી છે. આમાં તમારું ભલું નહીં થાય."

આ સાંભળીને એ બંને જણાએ કશી વધારે વાતચીત કરવાનું માંડી વાળતાં કહ્યું: "ભાઈ, તું તારું સંભાળ. બીજાની વાતમાં શા માટે નકામું માથું મારવું?"

પછી તેઓ કશું બોલ્યા વિના મૂગા મૂગા ચાલવા લાગ્યા. એવામાં તેઓ બધા 'મુશ્કેલીની ટેકરી' પાસે આવી પહોંચ્યા. એની બાજુમાં ઝરણું વહેતું હતું. વળી ત્યાંથી બીજા બે રસ્તા ફંટાતા હતા. જે સાંકડી કેડી હતી તે સીધી ટેકરી પર લઈ જતી હતી. જ્યારે પેલા બે નવા રસ્તાઓ ટેકરીની નીચેના ભાગમાં ડાબી તેમ જ જમણી બાજુએ જતા હતા. ભક્તરાજ ઝરણનું ઠંડું પાણી પીને સાંકડી કેડીને રસ્તે જવા લાગ્યો.

પેલા બે જણાએ જોયું કે, ટેકરી પરની કેડી સીધી, સપાટ અને મુશ્કેલ હતી; જ્યારે પેલા બે રસ્તા સગવડભર્યાં

હતા. તેથી બંને જણાએ જુદે જુદે રસ્તે જવાનું વિચાર્યું. એક જણાએ 'ભય' નામનો રસ્તો લીધો, તેથી તે ગાઢ જંગલમાં અટવાઈ મર્યો. અને બીજાએ 'વિનાશ' નામનો રસ્તો પકડેલો હોવાથી તે અંધારા પર્વતો પર ભૂલો પડચો અને ઊંચેથી ગબડીને મરણ પામ્યો!

હવે ભક્તરાજ ખૂબ મુશ્કેલીથી ટેકરી ચડી રહ્યો હતો. રસ્તો ઘણો સીધો અને સપાટ હોવાથી તેને ઘૂંટણિયે પડીને બહુ સંભાળપૂર્વક ચડવું પડતું હતું. જો જરા ગફલત થાય, તો તે ઊંડી ખાઈમાં જ ગબડી પડે!

એવામાં રસ્તા પર વિસામાનું એક સ્થાન આવ્યું. ભક્તરાજ ત્યાં થાક ખાવા બેઠો. તેણે ઝાડની છાયા નીચે જરા લંબાવ્યું. પણ તે ખૂબ જ થાકેલો હોવાથી તેની આંખો ઘેરાવા લાગી અને થોડી વારમાં તો તે ઘસઘસાટ ઊંઘી ગયો.

ઊંઘમાં ને ઊંઘમાં ભક્તરાજના હાથમાંથી વીંટો ગબડી પડચો અને તે ગબડતો ગબડતો ક્યાંય દૂર પડી ગયો!

## ૧૦

# ભક્તરાજની આગેકૂચ

ભક્તરાજ આમ ઘસઘસાટ ઊંઘતો હતો, એવામાં તેણે સુમધુર સાદ સાંભળ્યો: "કીડીઓની પાસે જા અને બોધ ગ્રહણ કર; તેમનો ઉદ્યમ જો અને શાણો થા."

આ સાંભળીને ભક્તરાજ સફાળો જાગી ગયો અને ત્યાંથી ઝડપભેર આગળ ચાલવા લાગ્યો. જ્યારે તે ટેકરીની ટોચ પર પહોંચ્યો, ત્યારે બે માણસો સામેથી દોડતા આવતા તેને મળ્યા. એમાંના એકનું નામ હતું ગરબડદાસ અને બીજાનું નામ હતું શંકાપ્રસાદ.

ભક્તરાજે તેમને પૂછ્યું: "અરે ભાઈઓ, તમે આમ પાછા કેમ જાઓ છો?"

ગરબડદાસ ઉતાવળે બોલ્યો: "અમને બોલવાની જરાયે ફુરસદ નથી! તમારે પાછા ફરવું હોય તો અમારી સાથે ચાલો. અમે તો સ્વર્ગધામ ભણી જતા હતા. પણ આગળ મુશ્કેલીઓનો કંઈ પાર નથી! વળી રસ્તામાં બે સિંહને જોઈને તો અમારા મોતિયા જ મરી ગયા! માંડ માંડ જીવ બચાવીને નાસી આવ્યા છીએ. ચાલો, અહીંથી ભાગી જવામાં જ સાર છે. કેમ શંકાપ્રસાદ, મારું કહેવું બરોબર છે ને?"

શંકાપ્રસાદ કહે: "હા ભાઈ, આ ગરબડદાસની વાત નિઃશંક સોએ સો ટકા સાચી છે. મને તો પહેલાંથી જ શંકા

ગઈ હતી કે, આવું સાહસ કરવા જતાં જાન ખોવાનો વારો આવશે. પણ આ ગરબડદાસનો ઉત્સાહ ભારે; એટલે તે મને સાથે ઘસડી લાવ્યો. પરંતુ રસ્તે આવતી ભારે મુશ્કેલીઓ જોઈને મને તો ખાતરી થઈ ગઈ કે, મારી શંકા કંઈ ખોટી નહોતી."

ભક્તરાજ એ સાંભળી બોલ્યો: "ભાઈઓ, તમારી વાત સાંભળીને મને પણ ગભરાટ તો થાય જ છે. પરંતુ મેં તો હવે નિશ્ચય જ કર્યો છે કે, ભલે મારું જે થવાનું હોય તે થાય; પણ આગળ તો જવું જ." એમ કહીને ભક્તરાજ આગળ જવા લાગ્યો અને પેલા બે જણા પણ પોતાને રસ્તે પડ્યા.

ભક્તરાજ ચાલતાં ચાલતાં પેલા લોકોની વાત યાદ કરતો હતો; ત્યાં તો તેને વીંટાનું સ્મરણ થયું! એટલે તે વીંટો શોધવા લાગ્યો. પણ તેની પાસે વીંટો ક્યાંથી હોય? ભક્તરાજ ભારે મૂંઝવણમાં આવી પડ્યો. શું કરવું એ તેને સૂઝ્યું નહીં. છેવટે તેને યાદ આવ્યું કે, એ જ્યાં સૂતો હતો ત્યાં વીંટાને ભૂલી તો નથી ગયો ને? એટલે તે તરત જ એ જગ્યાએ દોડતો ગયો. દોડતી વખતે તે કેટલીય વાર નિસાસા નાખતો હતો. થોડી થોડી વારે તે પોતાની આવી ગફલત માટે પસ્તાવો કરતો હતો.

તે પોતાના ઊંઘણશીપણા પર ગુસ્સે થઈ કહેવા લાગ્યો: "અરે, હું કેવો મૂર્ખ માણસ છું! દિવસે ઊંઘવાનું મને ક્યાંથી સૂઝ્યું? અરેરે, આવી ભારે ગફલત મારાથી શી રીતે થઈ ગઈ!"


એવી અવસ્થામાં તે પેલી જગ્યાએ પહોંચી ગયો અને ખૂબ કાળજીથી બધે શોધવા લાગ્યો. છેવટે ખૂબ શોધખોળ કર્યા પછી તેને પેલો વીંટો જડ્યો. વીંટો મળતાં તેના આનંદનો પાર ન રહ્યો.

પછી ભક્તરાજ પાછો ઝડપભેર ટેકરી પર ચડવા લાગ્યો. તે ટોચ પર પહોંચ્યો, એવામાં સૂર્યાસ્ત થઈ ગયો હતો. ધીમે ધીમે બધે અંધારું ફેલાવા લાગ્યું હતું. ભક્તરાજને ગરબડદાસ અને શંકાપ્રસાદની વાતો પાછી યાદ આવવા લાગી. તે વિચારવા લાગ્યો: 'જો પેલા સિંહ મને રસ્તામાં મળશે તો મને જરૂર ફાડી જ ખાશે!' આમ તે બીકથી ધ્રૂજી ઊઠ્યો. પરંતુ તે દિલથી પ્રભુને પ્રાર્થતો આગળ ચાલવા લાગ્યો:

"આધાર તારો ધારી રે,
સ્મરું નિત્ય હૈડે, પ્રભો!
સદૈવ દુઃખ તું હરતો રે,
જાણી શોધ્યું શરણું, પ્રભો!"

એવામાં તેણે દૂર મોટા મહેલ જેવું એક મકાન જોયું. એટલે તે ત્યાં જવા લાગ્યો. પરંતુ મકાન તરફના દરવાજા પાસે તેણે બે સિંહ બેઠેલા જોયા! એટલે તેના પેટમાં ફાળ પડી. ત્યાં તો મકાનના બારણા પાસે ઊભેલા દ્વારપાળે તેને સાદ પાડીને કહ્યું: "ગભરા નહીં. સિંહને સાંકળે બાંધેલા છે."

એ સાંભળીને ભક્તરાજનો જીવ જરા હેઠો બેઠો. તે દરવાજા પાસે પહોંચ્યો, એટલે તેણે દ્વારપાળને પૂછ્યું:



"ભાઈ, આ મકાન કોનું છે? હું અહીં આજની રાત રહી શકું ખરો?"

દ્વારપાળે કહ્યું: "આ મકાન આ ટેકરીના માલિકે બંધાવ્યું છે; જેથી અહીં રાતે યાત્રિકો ઉતારો કરી શકે. તમે ખુશીથી અહીં રાતવાસો કરો."

સવારે વહેલાં ઊઠીને ભક્તરાજ આગળ જવા તૈયાર થયો. તેણે દ્વારપાળને પૂછ્યું: "ભાઈ, આ રસ્તે થઈને ગઈ કાલે કોઈ પસાર થયું હતું ખરું?"

દ્વારપાળે કહ્યું: "હા, વિશ્વાસરાય નામનો એક માણસ આગળ ગયો છે."

ભક્તરાજ—"તે કેટલે સુધી પહોંચી ગયો હશે?"

દ્વારપાળ—"એ તો ખૂબ આગળ નીકળી ગયો હોવો જોઈએ."

પછી ભક્તરાજ દ્વારપાળની રજા લઈ આગળ ચાલ્યો. તે ટેકરી ઊતરવા લાગ્યો. નીચેની ખીણુ એવી તો સીધી અને સપાટ હતી કે, જરા ગફલત થાય, તો લપસી જવાય એવું હતું. ભક્તરાજ ખૂબ સંભાળપૂર્વક ઊતરતો હતો, તોયે કેટલીય વાર તે લપસતાં લપસતાં બચી ગયો હતો. પણ ખીણુમાં ભક્તરાજ સામે બીજી એક મોટી આફત આવીને ઊભી હતી!

## ૧૧

## પાપાસુરનો સામનો

ભક્તરાજ નીચે ખીણુમાં પહોંચ્યો, એટલે ત્યાં તેને પાપાસુર નામના એક ભયંકર રાક્ષસનો ભેટો થયો. ભક્તરાજ તો તેને જોઈને ધ્રૂજી જ ઊઠ્યો! હવે શું કરવું એ તેને સૂઝ્યું નહીં. તે મનમાં પ્રભુનું સ્મરણ કરવા લાગ્યો:

'હરિ! હું હાવાં હાર્યો હામ,
રંક રવડી મરે રે!
થાકચો, કેમ તરું? બળ સર્વ
મુજથી ઓસર્યું રે!
વીનવું છું વળી વારે વારે,
કૃપાનિધિ! હાવાં ચડો વહારે;
બીજું કોણુ ઉગારે,
તુજ વિણુ રાંકને રે?'

પાપાસુર બહુ ભયંકર દેખાવનો હતો. સામાન્ય માણસના તો તેને જોતાં જ છક્કા છૂટી જાય. ભક્તરાજને આ રીતે સ્તવન કરતો જોઈને તેણે ત્રાડ પાડીને પૂછ્યું: "એય ઓ કાળા માથાના માનવી, તું ક્યાં ભાગવાનો વિચાર કરે છે! અને આમ આ શા ઢોંગ માંડીને ઘૂંટણિયે પડ્યો છે? જોતો નથી તારી સામે કોણ આવીને ઊભો છે?"

ભક્તરાજ — "હું 'વિનાશની નગરી'માંથી આવું છું અને પ્રભુના ધામ તરફ જાઉં છું."

રાક્ષસ — "વાહ, ભગતડા, વાહ! જરા અક્કલ ઠેકાણે રાખીને બોલ. તું તો મારો દાસ છે. હું તારો માલિક પાપાસુર છું. મારી સેવાચાકરી કરવાનું છોડીને આમ છટકીને તું ક્યાં જવાનો છે? આ તો વગર મોતે મરવાના ચાળા છે ચાળા!"

ભક્તરાજને પોતાની અંદરથી કોઈ શક્તિ પ્રેરણા આપતી હોય એમ લાગ્યું. ભક્તરાજ હિંમતભેર બોલ્યો: "અરે ઓ પાપાસુર, હું ભલે તારા રાજ્યમાં જન્મ્યો હોઉં, પરંતુ મારે તારા જેવાની સેવા નથી કરવી. મારું મોત આવે તો ભલે આવે. પણ હું કંઈ તારાથી ડરવાનો નથી. મને પ્રભુનો ભરોસો છે. એ જ મને તારશે."

રાક્ષસ — "હવે બેસ, બેસ! નકામી લવરી ન કર. બહુ ડહાપણ બતાવવામાં સાર નથી. હું કંઈ એવો મૂરખ નથી કે, તને આમ મારા હાથમાંથી સહેલાઈથી છટકવા દઉં. જરા



ડાહ્યો થઈ જા અને અહીંથી પાછો ફર. તને જે જોઈએ તે આપીશ. મારા રાજ્યમાં રહીને સુખેથી લીલાલહેર કર.”

ભક્તરાજ—“ના, ના; હું પ્રભુને શરણે જવા ઇચ્છું છું. તારા રાજમાં ભલેને ગમે તેટલું સુખ મળે એમ હોય, તોયે મારે હવે ત્યાં રહેવું નથી.”

રાક્ષસ—“હે મૂરખ, તું તારે હાથે જ તારા પગ ઉપર કુહાડો મારે છે! તારી માફક કેટલાય લોકો લવરી કરતા હતા કે, અમે તો પ્રભુના સેવકો છીએ. પરંતુ છેવટે

થાકીને અને હારીને મારે જ શરણે તેમને આવવું પડ્યું હતું. તારું દોઢડહાપણ બાજુએ મૂકીને મારું તું માની જા.”

ભક્તરાજ — “હવે એવું થઈ શકે એમ જરાયે નથી. પ્રભુને રસ્તે જવાનું મેં વચન આપ્યું છે. મારે વચનનો ભંગ કરી પાપમાં નથી પડવું.”

રાક્ષસ — “ઓહોહો, બહુ મોટો સતવાદી થઈ ગયો છે ને! મને દગો દઈને મારા રાજમાંથી છાનામાના ભાગી જતી વખતે તારું ડહાપણ ક્યાં જતું રહ્યું હતું? હજીય તને જવા દઉં છું. મારું માની જા અને ડાહ્યો થઈને પાછો ફર.”

ભક્તરાજ — “અરે પાપાસુર, હવે એમ બનવું અશક્ય છે. હું તો હવે પ્રભુનાં ચરણનો દાસ થયો છું. એ દયાળુ પ્રભુ મારાં બધાં પાપ, બધી ભૂલો, બધાં સ્ખલનો ભૂંસી નાખશે. અરે ઓ પાપાત્મા, સાંભળ. મને તો પ્રભુની જ સેવા ગમે છે; હું તો એક પ્રભુનો જ દાસ છું, મારે તો પ્રભુનું જ રાજ જોઈએ; મને પ્રભુનો જ સમાગમ ગમે છે અને તારા રાજ કરતાં પ્રભુનો દેશ મને ખૂબ જ વહાલો છે. માટે મને સમજાવવા પટાવવાનું કામ છોડી દે. હું તો પ્રભુનો સેવક છું અને તેને જ અનુસરીશ.”

રાક્ષસ — “અલ્યા ઓ ભક્તરાજ, હજી પણ મને તારી દયા આવે છે. શાંતિથી વિચારવાનો તને હજીય વખત આપું છું. જેટલું વિચારવાનો હોય એટલું નિરાંતે વિચારી લે. આગળ જતાં રસ્તે કેવાં કેવાં ભારે વિઘ્નો આવશે એનું તને જરાયે ભાન છે ખરું? મારી વાત ન માનીને એ

રસ્તે જનારા કેટલાય લોકોનો નાશ થઈ ગયો છે. કેટલાક હરામખોરો મારી આંખમાં ધૂળ નાખીને અહીંથી છટકીને ચાલ્યા જાય છે. પણ આખરે તેમનું પણ આવી જ બને છે. તું હજીયે તારી જીદ છોડતો નથી અને પ્રભુનો સેવક હોવાની બડાઈ હાંકે છે. પણ મને જરા બતાવ તો ખરો કે, તારા એ મોટા પ્રભુએ જાતે આવીને કેટલાને મદદ કરી છે? કેટલાની મુશ્કેલીઓને દૂર કરી છે? તારો પ્રભુ તો સ્વર્ગધામમાં બેઠો બેઠો લીલાલહેર કર્યાં કરે છે. જ્યારે હું તો જાતે આવીને સૌને સુખી કરવા, તેમની ગમે તેવી ઇચ્છા પૂરી કરવા અને તેઓ મને દગો દઈ નાસી જતા હોય તોયે સમજાવીને પાછા મારા પ્રદેશમાં સુખચેનમાં રહેવા બોલાવી લાવું છું. માટે હવે માથું ઠેકાણે રાખીને મારી વાત માની જા. હું તને જરૂર મુક્ત કરીશ.''

ભક્તરાજ — ''પણ, અરે ઓ રાક્ષસ, પ્રભુ અમને દુઃખમાંથી પસાર કરી અમારી કસોટી કરે છે. અમે સંકટથી ગભરાઈ જઈ નાસીપાસ તો નથી થતાને અને આ દુન્યવી માયાજાળમાં ફસાઈ તો નથી જતાને, એ જોવા ખાતર જ પ્રભુ તેના સેવકોના રસ્તામાં મુશ્કેલીઓ ઊભી કરે છે. તે તેના સાચા સેવકોને હંમેશાં મદદ કરે જ છે.''

રાક્ષસ — ''પણ અલ્યા, તું ક્યાં એનો સાચો સેવક છે? હે ડરપોક, તને જો તારા પ્રભુ પર પૂરેપૂરો ભરોસો છે, તો પછી નાની નાની મુશ્કેલી આવતાં તારા કેમ છક્કા છૂટી જાય છે? તું તારા એ પ્રભુને ક્યાં આજ્ઞાંકિત રહ્યો છે?

તો પછી એ તને ક્યાંથી મદદ કરે? માટે આવા બધા પ્રપંચ છોડી દે અને મારે શરણે આવ."

ભક્તરાજ — "અરે ઓ પાપાસુર, શું હું પ્રભુની આજ્ઞાનું પાલન નથી કરતો?"

રાક્ષસ — "હા . . હા . . હા .! એટલા જ માટે ભાઈસાહેબ પેલી કળણભૂમિમાં ડૂબકાં ખાતા હતા, ખરું ને? અને તારો પેલો બોજો હળવો કરવા માટે શું તે ખોટો માર્ગ નહોતો ગ્રહણ કર્યો? રસ્તે દિવસે ઊંઘવાનું શા માટે તને મન થયું હતું? અને પેલા સિંહને દેખીને કેમ ગભરાઈ ગયો હતો? જો તારો પ્રભુ તારા પર ખુશ હોત, તો રસ્તે તને મુશ્કેલીઓ શા માટે નડત? ખરી રીતે તું પ્રભુનો ભક્ત હોવાનો ખોટો ડોળ જ કરે છે. અંદરખાનેથી તું દુન્યવી કીર્તિનો ભૂખ્યો છે!"

ભક્તરાજ — "અરે ઓ રાક્ષસ, મારાં જે બધાં સ્ખલનો થયાં છે એ મારે કબૂલ છે. પરંતુ એ તો તારા જેવા પાપાત્માના રાજમાં લાંબો વખત રહેવાને લીધે મારામાં જે નબળાઈઓ દાખલ થઈ ગઈ હતી તેનું દુષ્પરિણામ છે. કારણ કે મેં એ નબળાઈઓનું પાલન કર્યું હતું. મેં તેમને વહાલી ગણીને મારા અંતરમાં સ્થાન આપ્યું હતું. હવે મને મારી ગફલત માટે ખૂબ પસ્તાવો થયા કરે છે. અને હું એ બધું યાદ આવતાં ખૂબ જ શરમાઈ જાઉં છું. પરંતુ મને પ્રભુમાં વિશ્વાસ છે. તેની કરુણા અપાર છે. તે મને જરૂર તારા જેવા દુષ્ટના પંજામાંથી છોડાવશે."

રાક્ષસ આ સાંભળીને ખૂબ ગુસ્સે થઈ ગયો. તે ત્રાડ પાડીને ગર્જી ઊઠ્યો: "અલ્યા ઓ, હવે તારી જબાન બંધ કર. તારા પ્રભુનો હું કટ્ટર દુશ્મન છું. એનું નામ મારી સામે હવે લેતો નહીં. હું તેને ધિક્કારું છું, તેના ભક્તોને ધિક્કારું છું અને તેના નિયમોને પણ ધિક્કારું છું. હું તને ચલિત કર્યા વિના પાછો ફરવાનો નથી. તારા જેવા મગતરાને મૂઠીમાં ચોળી નાખતાં વાર શી?"

ભક્તરાજ — "અરે ઓ દુષ્ટાત્મા, તારાથી હું કંઈ ડરવાનો નથી. રહેવા દે તારું સાહસ. તું એમાં જરાયે ફાવવાનો નથી. હું પ્રભુના પવિત્ર માર્ગે જઈ રહ્યો છું. મારી દુર્ગતિ કદી થશે નહીં. તું મારો એક વાળ સુદ્ધાં વાંકો કરી શકે એમ નથી. પરમ પ્રભુ હંમેશાં મારી સાથે છે, પછી મને શાનો ડર હોય?"

આ સાંભળીને પાપાસુર ધૂંધવાઈ ગયો. તે બરાડા પાડીને બોલ્યો: "અરે મગતરા, હવે છાનો મર! તારા જેવાને તો હમણાં પળ વારમાં ધૂળ ચાટતો ન કરી દઉં, તો મારું નામ પાપાસુર નહીં. ખબરદાર! એક ડગલુંય આગળ ભર્યું છે તો, તારા દિવસો હવે ભરાઈ ચૂકચા છે."

એમ કહીને પાપાસુર ભક્તરાજ પર તૂટી પડ્યો!

# ૧૨

# મૃત્યુછાયાની ખીણમાં

ભક્તરાજ પહેલેથી જ સાવધાન હતો. એટલે પાપાસુરે જ્યારે તેના પર હુમલો કર્યો, ત્યારે તે તરત જ એક બાજુએ ખસી ગયો.

ભક્તરાજને થયું કે, આવા ભયંકર રાક્ષસ સામે તે શી રીતે ઝૂઝી શકે? ભગવાનની સહાય વિના તેને કોઈ બચાવી શકે એમ ન હતું. એટલે તે આર્ત સ્વરે ભગવાનને પોકારવા લાગ્યો :

'હે નાથ, વહારે આવે તો
વહેલો આવજે રે;
ખરી અણીને વેળે
દોડી આવજે રે.
પ્રભુ, સાંભળી વિનંતી,
આ દાસની રે;
હામ જાતાં સંભાળ
મારી રાખજે રે.
પ્રભુ, સાધુ સંતોને
તેં ઉગાર્યા રે;
એ જ આશે મેં
રાખ્યો તુંને સાથમાં રે.
હે નાથ, વહારે આવે તો
વહેલો આવજે રે.'

ભક્તરાજને આમ પ્રભુને પોકારતો જોઈને રાક્ષસ વધારે ગુસ્સે થયો અને તેણે એના પર આગની ઝડીઓ વરસાવવા માંડી.

પરંતુ પ્રભુએ વહારે આવીને ભક્તરાજની રક્ષા કરી. આગની અસર ભક્તરાજ પર જરાયે ન થઈ. રાક્ષસ પણ ભક્તરાજની આસપાસ પ્રસરેલા દિવ્ય તેજથી છેવટે પરાસ્ત બની જઈ ત્યાંથી ભાગી ગયો.

ભક્તરાજને આ બધું કેમ બન્યું એ કશું સમજાયું નહિ. તે તો આશ્ચર્ય પામી રાક્ષસને નાસી જતો જોઈ રહ્યો. પણ તેને ખાતરી થઈ કે, આ બધો પ્રભુનો જ પ્રતાપ છે. તે બોલ્યો : 'જો પ્રભુએ મને અણીની વેળાએ સહાય ન કરી હોત, તો આવા ભયંકર રાક્ષસની સામે મારા જેવાનું શું ચાલત? ભગવાને જ આજે મારી લાજ રાખી. એનું શરણું એ જ મારું પરમ જોમ છે. ભગવાન, મારાં તને કોટિ કોટિ વંદન હજો.' એમ કહી ભક્તરાજ પ્રભુને ભક્તિભાવે વંદન કરીને એ પરમ કૃપાળુની સ્તુતિ કરવા લાગ્યો :

'રે મુજ રંક જીવન-આધાર !
પ્રભુ, તને ઉરના કોટિ પ્રણામ.
હેતે નિભાવ્યો આજ સુધી તેં,
ગણી મને નિજ બાળ;
તેમ હવાં ઉર પ્રેમ તું લાવી,
પાસે રાખીને પાળ. પ્રભુ૦

આશ્રય ઊંડો હૃદય છે તારો,
ગર્જી તેથી બોલું નાથ;
કો દી વિસારી બાળ ના જાશો,
રહેજો હરિ! મુજ સાથ. પ્રભુ૦'

ભક્તરાજ થોડી વાર ત્યાં શાંત બેસી રહ્યો અને પછી પ્રભુના નામનું સ્મરણ કરતો આગળ ચાલ્યો.

હવે આ ખીણને છેડે એક બીજી ખીણ આવતી હતી. તેનું નામ હતું: 'મૃત્યુછાયા'. એ ખીણમાં થઈને જ ભક્તરાજને પસાર થવાનું હતું. કારણ કે દિવ્ય ધામમાં જવાનો એ સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. આ ખીણ ઘણી જ ભયંકર અને વેરાન હતી. વચ્ચે વચ્ચે ખૂબ ઊંડા ખાડા પણ પુષ્કળ હતા. ત્યાં થઈને પસાર થવું એ કાચા-પોચા માણસનું ગજું નહીં. ભક્તરાજને રાક્ષસ સાથેના સંગ્રામ કરતાં પણ વધારે વિકટ પરિસ્થિતિમાંથી હવે પસાર થવાનું હતું.

જ્યારે ભક્તરાજ એ ખીણની નજીક આવ્યો, ત્યારે તેને બે માણસો સામા મળ્યા. તેઓ હાંફળા ફાંફળા દોટ મૂકતા આવતા હતા. તેમના જીવમાં જીવ ન હતો.

ભક્તરાજે તેમને પૂછ્યું: "અરે ભાઈઓ, તમે ક્યાં જઈ રહ્યા છો?"

તેઓ બોલ્યા: "અરે ભાઈ, ભાગો, ભાગો! અહીંથી જ પાછા ફરો. જો તમને જિંદગી વહાલી હોય, તો આગળ જવાનું ગાંડપણ કરશો મા."



ભક્તરાજ—"પણ એવું તે છે શું કે તમે આમ ગભરાતા ગભરાતા ભાગી રહ્યા છો?"

માણસો—"શું છે? અરે ભલા માણસ, અમે પણ તમે જે રસ્તે જવા માગો છો ત્યાં જ જવા પ્રયત્ન કરતા હતા. પણ અમે જરા આગળ ગયા હોત, તો તમને આ સમાચાર આપવા જીવતા જ રહ્યા ન હોત!"

ભક્તરાજ—"પણ એવું તે તમને રસ્તામાં શું મળ્યું?"

માણસો—"અરે, અમે તો મૃત્યુછાયાની ખીણના મુખમાં લગભગ પહોંચી ગયા હતા! પરંતુ અમારા સારા નસીબે અમે ત્યાં જરા ડોકિયું કર્યું, તો અમને જણાયું કે, એ ઠેકાણે તો ભયાનક આફતો ઠેર ઠેર ઢગલાબંધ પડેલી છે!"

ભક્તરાજ—"પણ ભલા ભાઈઓ, ત્યાં તમે શું શું જોયું એ તો જરા કહો!"

માણસો—"શું જોયું? અરે, ખીણમાં તો બધે ઘોર અંધારું ફેલાયેલું હતું! ત્યાં તો ભૂતાવળો નાચંનાચા કરતી હતી અને ભયાનક હિંસક પશુઓ કારમો અવાજ કરતાં હતાં. વળી મૃત્યુ પણ ત્યાં પોતાનો અંચળો ફેલાવીને બેઠું હતું! એક જ શબ્દમાં કહીએ તો, એ ખીણ ખરેખર મહાભયાનક છે. એમાં આપણું શું થાય એની કશી કલ્પના જ આપણે કરી ન શકીએ."

ભક્તરાજ—"પરંતુ ભાઈઓ, આ રસ્તે થઈને જ મુક્તિના ધામમાં જવાય છે ને!"

માણસો—"તમારે જવું હોય તો ભલે જાઓ. અમારે એવી મુક્તિ ન જોઈએ. કારમા મોતની અમને બીક લાગે છે. અમારે એ રસ્તે કોઈ પણ હિસાબે નથી જવું. તમે પણ ભલા થઈને અમારું માની જઈ પાછા ફરો."

એમ કહીને એ બંને જણા ત્યાંથી ચાલ્યા ગયા. ભક્તરાજ એકલો આગળ વધ્યો. તે ખૂબ જ સાવધાનીથી ચાલતો હતો, રખેને કોઈ એના પર અણધારી રીતે તૂટી પડે! તે પ્રભુનું સ્તવન મનમાં સતત કર્યે જતો હતો.

આ ખીણ ખૂબ દુર્ગમ હતી. રસ્તાની એક બાજુએ ખૂબ જ ઊંડી ખાઈ હતી. ત્યાં ડોકિયું કરતાં પોચા દિલના માણસને તો તમ્મર જ આવી જાય. અને અધૂરામાં પૂરું, એ રસ્તાની બીજી બાજુએ ઊંડી કળણભૂમિ હતી. જરા જો ગફલત થઈ જાય તો તેમાં ખૂંચી જઈએ અને આપણો ક્યાંય પત્તો પણ ન લાગે.

ભક્તરાજ ખૂબ વિમાસણમાં પડી ગયો. ખાઈમાં પડતાં બચવા પ્રયત્ન કરે, તો કળણભૂમિમાં પડી જવાનો ભય હતો જ!

વળી એ કેડી પણ ઘણી સાંકડી હતી. તેથી ભક્તરાજ ઘણો મૂંઝાઈ ગયો. ચારે બાજુ ઘોર અંધારું હતું. આવો વિકટ રસ્તો હેમખેમ પસાર થશે કે કેમ એની મૂંઝવણમાં તે પડી ગયો.

આવા માર્ગ પરથી પસાર થતાં ભક્તરાજ ધ્રૂજી ઊઠતો હતો. તે વારે વારે ઊંડા નિસાસા નાખતો હતો; પણ પ્રભુનું સ્મરણ તો સતત ચાલુ જ હતું. અહીં બીજી બધી મુશ્કેલીઓ ઉપરાંત બીજો ભય એ વાતનો હતો કે આસ-પાસ ગાઢ અંધારું હોવાથી જ્યારે તે આગળ જવા ડગલું ભરતો, ત્યારે પગ ક્યાં જઈને પડશે એની તે કલ્પના સુદ્ધાં કરી શકતો ન હતો! ત્યાં તો ખીણની વચ્ચોવચ્ચ તેણે જાણે કારમા નરકાગારનું દ્વાર જ જોયું!

ભક્તરાજ એ હૃદયદ્રાવક દૃશ્ય જોઈને કંપી ઊઠ્યો. તે વિચારવા લાગ્યો: ‘હવે મારે શું કરવું? ક્યાં જવું? કશું સૂઝતું નથી! ભગવાનની કૃપાથી હું અહીં સુધી તો કેટલી

મુશ્કેલીઓ વટાવીને આવી પહોંચ્યો છું. પણ આ સ્થાન તો ખૂબ ભયંકર છે. અહીંથી હેમખેમ બહાર નીકળાશે કે કેમ એ ભગવાન જાણે. હે પ્રભુ, હું તો પામર જીવ છું. આવી ભયંકર આપત્તિઓની સામે ઝૂઝવાનું મારામાં બળ ક્યાંથી હોય ? હે પરમ કૃપાળુ પરમાત્મા ! તું સર્વશક્તિમાન છે, ભીડભંજન છે. આ ભવસાગરમાંથી તું જ તારી શકે એમ છે. નહીં તો આ રસ્તે આવતી મુશ્કેલીઓમાં હું અટવાઈ મરીશ. હે જીવનસ્વામી, તું જ મારો જન્મમરણનો સાથી છે. તારે આશરે હું આગળ ડગ ભરવા તૈયાર થયો છું. મને સહાય કરજે.'

એમ પ્રાર્થના કરીને ભક્તરાજે એ વિકટ માર્ગે આગળ ઝુકાવ્યું.

## ૧૩
## વિશ્વાસરાયનું બલિદાન

ભક્તરાજ આગળ તો વધ્યો. પરંતુ નરક જેવી ખીણમાંથી આગના ભડકા તેની સામે ધસી આવવા લાગ્યા અને હૃદયદ્રાવક ગર્જના તેને ધ્રુજાવી મૂકતી હતી. આ ભયંકર આપત્તિ સામે કોઈ શસ્ત્ર કામ આવે એવું ન હતું ! ભક્તરાજે નમ્ર ભાવે ભગવાનનું રટણ કરવા માંડ્યું : "હે પરમ કૃપાળુ, હું તારે આશરે છું. મને આ આપત્તિમાંથી ઉગારો :

"ચરણકમળનું શરણું છે મારે,
ઓથ નહીં બીજી રે;
તેથી તુજ વિણ કોની પાસે,
માગું હક્કથી રે ?

શ્રદ્ધાથી નાખ્યું મેં પડતું,
દીનદયાળ! દયા કર પ્રભુ! તું,
બાળક ઝીલી લેને ઉર તું,
હેત ઉર દાખવી રે.
વિશ્વાસે ધરી છે મન આશ,
દયાળ! કદી નવ કરશો નિરાશ;
અંતર દ્યોને પ્રકાશ,
કહું હું લળી હરિ રે."

આમ તે પ્રભુનું સ્મરણ કરતો આગળ ને આગળ ધપવા લાગ્યો. પણ ભડકા તો તેની પાછળ જ પડ્યા હતા!

થોડે દૂર જતાં તેણે ભયાનક ચીસો સાંભળી; ભૂતાવળોની કારમી ચિચિયારીઓ સાંભળી. પરંતુ ભક્તરાજ તો ભગવાનનું નામ જપતો હિંમતભેર આગળ ધપ્યે જતો હતો. અને જેમ જેમ એ આગળ જવા લાગ્યો તેમ તેમ ભૂતાવળો પણ તેની સામેથી ખસી જઈ અલોપ થવા લાગી.

હવે જ્યારે ભક્તરાજ નરકાગાર જેવા ખૂબ જ ઊંડા ખાડા પાસે આવી પહોંચ્યો, ત્યારે તે એવો તો હતબુદ્ધિ જેવો બની ગયો કે, પોતે ક્યાં જઈ રહ્યો છે એનું પણ તેને ભાન રહ્યું નહીં. આવી નબળી ક્ષણે પાછળથી એની પાસે કોઈ આવીને એને ભય પમાડે એવી ભારે આપત્તિની વાતો એના કાનમાં કરવા લાગ્યું!

એ આસુરી શક્તિથી ગભરાઈ જઈ ભક્તરાજ ઘડીભર ડગી ગયો. તેને કશી સમજ પડી નહીં. પરંતુ અંદરખાનેથી

તેને પ્રભુમાં અનંત શ્રદ્ધા હતી. તે મનમાં બોલ્યો: "ભલે આવી ભારે આપત્તિમાં મારે અટવાઈ જવું પડે; પરંતુ ભગવાન મને જરૂર ઉગારી લેશે. તે મારી સાથે જ છે."

ભક્તરાજમાં આથી જરા હિંમત આવી. તેને થયું: 'ભલે અહીં ગાઢ અંધકાર અને ભયાનકતા છે; પરંતુ પ્રભુનો વાસ બધે છે જ. અહીં માર્ગ વચ્ચે જે જે આસુરી બળો પોતાની સત્તા જમાવીને બેઠાં છે, તેમની ખોટી દોરવણી અને લાલચોને લીધે કોઈ વાર પ્રભુ પરની શ્રદ્ધા મારા જેવા તુચ્છ માણસના દિલમાંથી ડગમગી જાય. પરંતુ એ આસુરી બળોનું જોર વધુ વખત ચાલતું નથી. છેવટે સત્યનો જ જય થાય છે.'

ધીમે ધીમે સૂરજ ઊગવા લાગ્યો. રાતનું અંધારું વિખેરાવા લાગ્યું. ભક્તરાજે તે કઈ આપત્તિઓમાંથી બહાર આવ્યો છે તે જોવા પાછળ નજર કરી. આવા ભયાનક માર્ગમાંથી તે હેમખેમ પસાર થઈ શકયો એ માટે તે પ્રભુનો ઉપકાર માનવા લાગ્યો. તેને થયું, 'જો પ્રભુએ મને સહાય ન કરી હોત તો ખાઈમાં પડીને કે કળણમાં દટાઈ જઈને હું મૃત્યુના મુખમાં ક્યારનો હોમાઈ ગયો હોત! હે ભગવાન, તારી પરમ કૃપાથી આવી ભારે આફતમાંથી પણ હું બહાર નીકળી શકયો. તારી કૃપા અપરંપાર છે.'

દિવસનો પ્રકાશ ધીમે ધીમે વધતો જતો હતો. પરંતુ આ વનનો માર્ગ ખૂબ વિકટ હતો. વચ્ચે વચ્ચે ખાડા, ઊંડાં કળણો, તૂટી પડેલી ભેખડો, પહોળી અને ઊંડી ખાઈઓ આવતાં હતાં. વળી આસુરી બળો પણ પોતાનું બિહામણું

રૂપ બતાવી તેને સતાવવાનું છોડતાં ન હતાં. પરંતુ ભક્તરાજ તો પ્રભુનું સતત સ્મરણ કર્યે જતો હતો.

છેવટે તે એક ટેકરીની ટોચે જઈ પહોંચ્યો. ત્યાં તેણે નીચેના ભાગમાં એક માણસને જોયો. તેને થયું કે, એ વિશ્વાસરાય જ હશે. એટલે તેણે જોરથી સાદ પાડીને કહ્યું : "અરે વિશ્વાસરાય, ઊભા રહો; ઊભા રહો ! હું પણ આવું છું."

ભક્તરાજ ઝડપભેર દોડતો જઈને વિશ્વાસરાયની સાથે થઈ ગયો. તેમણે એકબીજાને સમાચાર પૂછ્યા અને રસ્તે પડેલી મુશ્કેલીઓની વાતો કરતા તેઓ આગળ ચાલ્યા.

થોડી વારમાં તેઓ આ ભયાનક જંગલમાંથી બહાર નીકળી ગયા. ત્યાં તો તેમણે એક નગર જોયું. એ નગરનું નામ હતું 'માયાનગરી' અને ત્યાં 'માયાબજાર' નામે મેળો ભરાયો હતો.

આ મેળામાં ઘર, જમીન, વેપારરોજગાર, પુરુષ, સ્ત્રી, બાળક, સોનુંરૂપું, ઝવેરાત વગેરે બધી દુન્યવી ચીજો વેચાતી મળતી હતી. વળી ત્યાં લુચ્ચા તેમ જ વ્યભિચારી માણસોનો અડ્ડો જામ્યો હતો. ચોર તથા લૂંટારા લોકોની સોનેરી ટોળકીઓ પણ રખડી રહી હતી.

હવે સ્વર્ગધામ તરફ જનારો માર્ગ એ માયાનગરીમાંથી જ પસાર થતો હતો. તેથી ભક્તરાજ અને વિશ્વાસરાય જેવાને પણ આ માયાબજારમાંથી ગયા વિના છૂટકો ન હતો.

તેઓ માયાનગરીમાં જેવા દાખલ થયા; એટલે તરત જ બધે કોલાહલ મચી ગયો. બધા લોકો ટોળે વળીને આ


બે અજાણ્યા પુરુષોને જોવા લાગ્યા. આ બે જણાના અને આ માયાબજારમાં ભેગા થયેલા લોકોના પહેરવેશમાં, હાવ-ભાવમાં, હરવાફરવામાં આસમાનજમીન જેટલો તફાવત હતો. આ માયાબજારના લોકો સ્વચ્છંદી, લંપટ, વ્યભિચારી, શરાબી, જુગારી અને નીતિભ્રષ્ટ હતા. ભક્તરાજ અને વિશ્વાસરાયને જોઈને એ લોકોને લાગ્યું કે, આ બે ભગતડા તેઓના મજેદાર આનંદમાં આડખીલી રૂપ છે. એટલે તેઓએ આ બંને જણાને પકડીને નિર્દય માર માર્યો, તેઓનાં માથાં પર લોઢાનાં ભારે વજન મૂકયાં; અને હાથેપગે સાંકળો બાંધીને તેઓને એ લોકો મેળામાં આમતેમ ફેરવવા લાગ્યા!

પરંતુ ભક્તરાજ અને વિશ્વાસરાય આ બધું દુઃખ શાંતિથી સહન કરતા રહ્યા.

તેઓને આમ શાંત જોઈને પેલા લોકો વધારે ગુસ્સે થયા અને ઉશ્કેરાઈ ગયા. બધે હો હા મચી ગઈ. કેટલાક કહે: “આ લોકો દંભી છે, પાજી છે. એ લોકોને ઠાર મારી નાખો.” જ્યારે કેટલાક કહે: “આ લોકો અપશુકનિયાળ છે, આપણા આનંદનો નાશ કરનારા છે; એવાને તો અહીંથી જીવતા જવા દેવા એ મહાપાપ છે.” બધા એક અવાજે બોલી ઊઠયા: “આ દુષ્ટોને જીવતા બાળી મૂકો.”

તેથી એ લોકો બધા ભેગા મળીને ફેંસલો કરવા બેઠા. વિશ્વાસરાયને ન્યાયાધીશોની આગળ ઊભો કરવામાં આવ્યો. વિશ્વાસરાય નીચું માથું રાખીને શાંત, સ્થિર ઊભો રહ્યો. પછી તેઓ એ નગરીના કાયદા અનુસાર તેને ગુનેગાર

ઠરાવવા તૈયાર થયા. પહેલાં તેઓ તેને મહેણાં મારવા લાગ્યા; પછી તેની ઠેકડી ઉડાવવા લાગ્યા. ત્યાર બાદ સૌ તેને મન ફાવે તેમ મારવા લાગ્યા! તેઓએ તેને પથરા



મારીને લોહીલોહાણ કરી મૂકયો. પછી તેઓ તેને તલવારની અણી ઘોંચવા લાગ્યા. અને છેવટે સ્તંભ સાથે બાંધીને તેઓએ તેને જીવતો બાળી મૂકયો!

ભક્તરાજ તો પોતાના ભક્ત સાથી વિશ્વાસરાયની આવી દુર્દશા જોઈ રડી પડયો! ભક્તરાજ શું કરી શકે એમ હતો! પોતાની પણ એવી જ દશા થશે એમ ભક્તરાજને થઈ આવ્યું. તે પણ મોતની રાહ જોતો ઊભો રહ્યો અને પરદુઃખભંજન પ્રભુનું ધ્યાન ધરવા લાગ્યો.

## ૧૪

# દુઃખાસુરના પંજામાં

ભક્તરાજ આમ હતાશ થઈને ઊભો હતો; એવામાં તેણે જોયું કે, લોકોના ટોળાની પાછળ સ્વર્ગના દૂતો વિમાન લઈને આવ્યા અને વિશ્વાસરાયના પુણ્યાત્માને તેમાં બેસાડીને બહુ જ ટૂંકે માર્ગે સ્વર્ગધામમાં લઈ જવા ઊપડી ગયા!

આ અદ્ભુત દૃશ્ય જોઈને ભક્તરાજને ખાતરી થઈ કે, ભગવાનની કૃપાદૃષ્ટિ પોતાને પણ આ ભારે આફતમાંથી જરૂર ઉગારી લેશે. તે આર્ત ચિત્તે પ્રભુને સ્તવવા લાગ્યો:

"બાળ તને પોકારે રે, રહેજો મારી સહાયે, પ્રભુ!
જ્યારે આ બાળનું મન અકળાયે, ત્યારે ધરું તુજમાં ચિત્ત;
નિત્ય નવી મથામણ થાતાં, થોભી વિચારું નવી રીત. બાળ૦

થાકી જાતાં વિસામો લઉં હું, સંઘરું નવું બળ, તાત!
'છેક ગળિયો થઈ બેસી જવાતાં, ચલાવશે ગ્રહી મુજ હાથ';
—ભરોસો એવો ઊંડો રે, હૈયે મારે તારો, પ્રભુ! બાળ૦"

ત્યાં તો પેલા લોકો એકાએક શાંત થઈ ગયા. તેઓએ ભક્તરાજને વધારે હેરાન કરવાને બદલે તેને જેલમાં પૂરી દીધો. પછી તેઓ બધા પોતપોતાને ઘેર જવા વિખેરાઈ ગયા.

હવે એ બંદીખાનામાં ભક્તરાજે એક ભક્તજનને પુરાયેલો જોયો. તેનું નામ હતું આશાપ્રસાદ. તેના મુખ પર આશાનાં કિરણો ચમકતાં હતાં. તેને મનમાં અડગ શ્રદ્ધા હતી કે ભગવાન જરૂર તેને આ લોકોના હાથમાંથી છોડાવશે.

અને એક દિવસ બન્યું પણ એવું. એ તુરંગના પહેરેગીરો દારૂ ઢીંચીને બેફામ પડ્યા હતા. આ તકનો લાભ લઈને આશાપ્રસાદ અને ભક્તરાજ તુરંગમાંથી ભાગી છૂટ્યા.

તેઓ જ્યારે માયાનગરીની બહાર નીકળ્યા, ત્યારે એક માણસ એ જ રસ્તે થઈને જતો હતો. તે એ લોકોની સાથે થઈ ગયો. તેનું નામ હતું તકસાધુ. ભક્તરાજે તેને પૂછ્યું : "કેમ ભાઈ, તમે ક્યાં જાઓ છો?"

તકસાધુ—"હું સ્વર્ગધામ ભણી જાઉં છું."

ભક્તરાજ—"તમારું નામ શું છે?"

તકસાધુ—"નામ જાણવાની શી જરૂર? આપણે સૌ એક જ માર્ગે જઈએ છીએ, એટલે તમારી સાથે ચાલવાની મજા પડશે. આ ઠીક તક મળી ગઈ. તમે મળ્યા ન હોત તો મારે એકલા એકલા જવું પડત."

ભક્તરાજ—"તમારા ગામમાં તમારું કોઈ છે ખરું?"

તકસાધુ—"મારાં બધાં જ સગાં ખૂબ પૈસાદાર છે. અમારું કુટુંબ આગળ પડતું ગણાય છે."

ભક્તરાજ—"તમે પરણ્યા છો કે?"

તકસાધુ—"હા, મારી પત્ની પણ ખૂબ પૈસાદારની છોકરી છે અને તેનું કુળ બહુ ખાનદાન ગણાય છે. પણ ભાઈઓ, તમે નકામી ઝડપ કરો છો. જરા ધીમે ધીમે ચાલોને!"

ભક્તરાજ—"ભાઈ, તમે અમારી સાથે આગળ આવો છો ખરા; પરંતુ અમારી સાથે ચાલવું હોય તો મુશ્કેલીઓનો સામનો કરવાની પૂરેપૂરી તૈયારી છે ને? તડકીછાંયડી સહન કરવી પડશે, હાં કે?"

તકસાધુ—"તમે નકામા આમ ઉતાવળા થાઓ છો. આપણને તો મુશ્કેલીઓ ન ગમે. જ્યાં સુધી આમ સીધે-સીધું ચાલ્યા કરતું હોય ત્યાં સુધી આપણે તો આગળ જઈશું. મારે કશી ઉતાવળ નથી. તક મળે તો આપણે ઝડપી લઈએ અને આપણું બરાબર સાચવીને હેમખેમ આગળ જવાનું હોય તો જ જઈએ."

ભક્તરાજ—"તો પછી તમારી સાથે અમને ન ફાવે. આમ કાયર બનીને આગળ ન જવાય. અમે તો ઝડપથી જઈએ છીએ."

એમ કહીને ભક્તરાજ અને આશાપ્રસાદ તેને પાછળ મૂકી ઝડપથી આગળ વધ્યા.

તેઓ થોડે દૂર ગયા, ત્યાં એક નદી આવી. તેની બંને બાજુએ હરિયાળું ઘાસ ઊગેલું હતું. નદીનો કિનારો ઘણો રમણીય હતો. ભક્તરાજે અને આશાપ્રસાદે નદીનું શીતળ જળ પીધું અને થોડી વાર વૃક્ષની શીળી છાયામાં વિસામો લેતા તેઓ ઊંઘી ગયા.

થોડા વખત પછી જાગીને તેઓ થોડે દૂર ગયા; એટલે ભક્તરાજે જોયું કે, ઘાસના બીડની બાજુમાં થઈને વાડ પસાર થતી હતી અને એ વાડની બીજી બાજુ પર એક કેડી હતી. ભક્તરાજે આશાપ્રસાદને કહ્યું: "ભાઈ, આપણે આ કેડીને રસ્તે જ જઈએ. એ પણ આપણા માર્ગ તરફ જ જાય છે."

આશાપ્રસાદ — "પણ, મને એ બરોબર લાગતું નથી. એ આપણને બીજે ક્યાંક તો ન લઈ જાય ને?"

ભક્તરાજ — "અરે, એવું કંઈ નથી! કેડી બીડની લગોલગ જ પસાર થાય છે."

આશાપ્રસાદ ભક્તરાજનું માનીને એની સાથે વાડ તરફની કેડીને રસ્તે જવા લાગ્યો. એ રસ્તો વધારે સુગમ જણાયો. એટલે તેઓ વધારે ઝડપથી આગળ વધવા લાગ્યા. એવામાં તેમણે એક માણસને આગળ જતો જોયો. તેમણે હાક મારીને તેને ઊભો રાખ્યો અને પછી તેને પૂછ્યું: "અરે ભાઈ, તમે ક્યાં જાઓ છો?"

માણસ કહે: "હું સ્વર્ગધામ તરફ જાઉં છું."

એ સાંભળી ભક્તરાજ આશાપ્રસાદને કહેવા લાગ્યો: "જોયું ને, આપણે સાચે માર્ગે જ છીએ?"

પછી તેઓ પેલા માણસ સાથે આગળ ચાલ્યા. પરંતુ થોડી વાર પછી રાત પડી ગઈ અને બધે ઘોર અંધારું ફેલાઈ ગયું. તેથી તેઓ એકબીજાને દેખી પણ શકતા ન હતા. પેલો માણસ તો આગળ નીકળી જવા ઝડપથી ચાલવા લાગ્યો. પણ એમ કરતાં તે ઊંડી ખાઈમાં ગબડી પડ્યો!

ભક્તરાજ અને આશાપ્રસાદ એની કારમી ચીસ સાંભળીને થથરી ગયા.

આશાપ્રસાદે કહ્યું: “નક્કી આપણે ખોટે માર્ગે ચડી ગયા છીએ!”

ભક્તરાજને પોતાની ભૂલ સમજાઈ. પણ હવે શું થઈ શકે એમ હતું! એટલામાં તોફાન સાથે વરસાદ તૂટી પડ્યો અને વીજળીના ભયંકર કડાકા થવા લાગ્યા. માંડ માંડ તેઓ પાછા નદીને કાંઠે આવ્યા. પરંતુ નદીમાં તો પાણી ચડી આવ્યું હતું! હવે નદીને ઓળંગવી પણ શી રીતે?

તોયે બંને જણાએ હામ ભીડીને જેમ તેમ કરી નદી ઓળંગવા ઝંપલાવ્યું. કેટલીય વાર ધસતાં પાણીનો વેગ તેમને તાણી જતો હતો. પણ તેઓ હિંમત હાર્યાં નહીં અને બહુ મુશ્કેલીએ તેમણે નદી પાર કરી.

તેઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા. ધીમે ધીમે તેઓ આગળ વધ્યા. એવામાં તેમણે એક વિરામસ્થાન જોયું. ત્યાં જઈને જોયું તો એ ખાલી પડ્યું હતું. તેથી બંને જણાએ ત્યાં સૂઈને રાત પસાર કરવાનું વિચાર્યું. તેઓ એટલા બધા થાકી ગયા હતા કે, થોડી વારમાં જ ઘસઘસાટ ઊંઘી ગયા.

ત્યાં તો વહેલી સવારે એક રાક્ષસ તે જગાએ આવી પહોંચ્યો. તે રાક્ષસનું નામ દુઃખાસુર હતું. તેણે આ બે જણાને પોતાની જગ્યામાં સૂતેલા જોઈને ત્રાડ પાડી:



"આ કોના બાપની જમીનમાં આમ લાંબા થઈને સૂતા છો? કોની રજા લઈને અહીં દાખલ થયા છો?"

ભક્તરાજ અને આશાપ્રસાદ તો રાક્ષસનો કર્કશ અવાજ સાંભળીને ચમકીને જાગી ગયા. ભક્તરાજે હિંમત ભેગી કરીને કહ્યું: "અમે જાત્રાળુઓ છીએ. રસ્તે ભૂલા પડયા હોવાથી અહીં રાતવાસો કરવા રોકાઈ ગયા."

દુઃખાસુર બોલ્યો: "ઓહો! જાણે તમારા બાપદાદાએ દીકરાઓ માટે આ જગ્યા રાખી મૂકી હશે ખરું ને? તમે લોકોએ મારી માલિકીની જમીનમાં રજા વગર પગ મૂકયો છે. માટે આ અપરાધની સજા ભોગવ્યા વિના તમારો છૂટકો નથી."

એમ કહીને પેલો બળવાન રાક્ષસ ભક્તરાજ અને આશાપ્રસાદને પકડીને લઈ ગયો. આ નવી આફત આવી પડેલી જોઈને ભક્તરાજ તો વિમાસણમાં પડી ગયો!

## ૧૫

# શઠરાયની જાળમાં

દુઃખાસુર રાક્ષસે ભક્તરાજ અને આશાપ્રસાદને ઉપાડીને પોતાના કિલ્લામાં પૂરી દીધા. અહીં તેઓ બંને બિચારા આખો દિવસ ગોંધાઈ રહ્યા. એ કારમા દિવસ દરમિયાન તેઓને ખાવાને રોટલાનો એક ટુકડોય મળ્યો ન હતો અને પીવાને પાણીનું ટીપું સુધ્ધાં આપવામાં આવ્યું ન હતું! વધારામાં પેલા રાક્ષસે તેઓને અમાનુષી ત્રાસ આપ્યો તે જુદો!

દુઃખાસુર એ બંનેને હેરાનપરેશાન કર્યાં પછી રાતે હરખાતો હરખાતો પોતાની પત્ની પાસે ગયો અને બોલ્યો: “અલી, સાંભળે છે કે? આજ તો બે માણસોને મેં પકડી આણ્યા છે. આપણી જમીન પર તેઓ લહેરથી સૂતા હતા. એટલે મારા હાથમાં સપડાઈ ગયા.”

રાક્ષસી—“પણ પકડીને કરશો શું? તેઓને મારી મારીને અધમૂઆ કરી મૂકવા જોઈએ. તો કંઈ જોવાની મજા પડે. આમ પૂરી રાખવામાં શી બહાદુરી? સમજ્યા કે, સવારે વહેલા જઈને તેઓને બરોબર મેથીપાક આપજો; તો મને જરા ટાઢક વળે.”

એટલે રાક્ષસ સવારે ભારે દંડો લઈને કિલ્લામાં ગયો અને ભક્તરાજ અને આશાપ્રસાદને નિર્દય રીતે મારવા લાગ્યો. તેણે તેઓને એટલો તો માર માર્યો કે તેઓ બંને

બેભાન થઈ જઈ ધરતી પર ઢળી પડ્યા! પછી રાક્ષસ હસતો હસતો ત્યાંથી ચાલ્યો ગયો.

રાતે તેણે પોતાની પત્નીને એ વાત કહી, ત્યારે રાક્ષસી 'ખીખી ખીખી' કરી હસી પડી અને જોરથી છણકો કરતી બોલી: "ઓહો, જાણે તમે બહુ મોટી બહાદુરી કરી આવ્યા! અરે, એ લોકોને તો તેઓના હાથે જ મરી જતા દેખું, ત્યારે જ તમારા ત્રાસથી તેઓ ખરેખરા હેરાન પરેશાન થયેલા કહેવાય. આવતી કાલે સવારે જઈને તેઓને કહેજો કે તેઓને હાથે જ તેઓ મરી જાય, સમજ્યાને?"

તેથી બીજી સવારે રાક્ષસ પાછો ભક્તરાજ અને તેના સાથી આશાપ્રસાદ પાસે જઈને ભયાનક અવાજે બોલ્યો: "અલ્યા મૂર્ખાઓ! નાહક શા માટે આમ દુઃખી થાઓ છો? આ ઝેર ખાઈને જિંદગીનો અંત લાવી દો ને? યાદ રાખજો કે, હું કંઈ તમને અહીંથી જીવતા જવા દેવાનો નથી. મારા હાથનો માર ખાઈ ખાઈને મરી જશો."

પરંતુ ત્રાસથી પીડાયેલા અવાજે ભક્તરાજ બોલ્યો: "અરે ભાઈ, અમારો આટલો ગુનો માફ કરો અને મહેરબાની કરી અમને છૂટા કરો. ભગવાન તમારું ભલું કરશે."

ભગવાનનું નામ સાંભળી દુઃખાસુર ત્રાડ પાડી બોલી ઊઠ્યો: "રહેવા દે, રહેવા દે તારા એ ભગવાનને તારી પાસે! એનું મારે કશું કામ નથી." એટલું કહીને રાક્ષસ ભક્તરાજ પર દંડો લઈને મારવા ધસ્યો; ત્યાં તો એકાએક તેને ચકરી આવી ગઈ અને તે જમીન પર પટકાઈ પડ્યો!

ત્યાંથી થોડી વારમાં તે ઊઠ્યો અને કશું કર્યા વિના ચાલ્યો ગયો.

સાંજ પડી એટલે રાક્ષસને થયું, ‘ લાવને, આમ ઘેર જતાં જતાં પેલાઓને જોઈ આવું. મારી સલાહ માનીને તેઓએ જિંદગીને અંત આણ્યો હોય તો સારું.’

પણ જઈને જુએ છે તો એ બંને જણા વેદનાની ચીસો પાડતા ભોંય પર પડ્યા હતા! નિર્દય માર અને ભૂખતરસથી તેઓ અધમૂઆ બની ગયા હતા. તોયે તેઓ આર્ત અવાજે પ્રભુને વારે વારે પોકારતા હતા!

રાક્ષસ તેઓને કશું કર્યા વિના સીધો ઘેર ગયો. રાક્ષસી કહેવા લાગી : “ એ લોકો તો એ જ લાગના છે. આવતી કાલે એ લોકોને બહાર વગડામાં લઈ જજો અને ત્યાં તમે મારી નાખેલા બીજા કેદીઓનાં હાડકાં અને ખોપરીઓ બતાવીને કહેજો કે, એકાદ અઠવાડિયામાં તમને પણ ફાડી નાખીને આ દશાએ પહોંચાડીશ.”

સવાર પડી એટલે રાક્ષસ કિલ્લામાં ગયો અને ભક્ત-રાજ તથા આશાપ્રસાદને બહાર ઘસડી લઈ ગયો અને હાડકાં તથા ખોપરીઓ બતાવીને બોલ્યો : “ તમારા જેવા લોકોની આવી દુર્દશા મેં કરી છે. કારણ કે તેઓએ રજા વિના મારી માલિકીની જમીનમાં પગ મૂક્યો હતો. અને જ્યારે મને મન થશે ત્યારે તમને પણ આમ ચીરી નાખીશ. બચ્ચાઓ, અઠવાડિયામાં તમારા આવા જ હાલ થવાના છે.” એમ કહી તે બંનેને મારતો મારતો કિલ્લામાં પાછો લઈ ગયો અને મદમાં ને મદમાં ચાલ્યો ગયો.

ભક્તરાજ અને તેનો સાથી પ્રભુને આર્જવ હૃદયે પ્રાર્થના કર્યા કરતા હતા: "હે દયાળુ પરમાત્મા, તું જ અમારો એક આધાર છે. આ ત્રાસમાંથી અમને તું જ મુક્ત કરવા સમર્થ છે. . . ."

રાત પડી. ભક્તરાજ શાંત મને પ્રભુને પ્રાર્થતો હતો. એવામાં તેને જાણે કોઈએ અંતરમાંથી પ્રેરણા કરતાં કહ્યું: 'અરે, બેસી શું રહ્યો છે? બારણું ધકેલ અને બહાર જા.'

આ સાંભળી ભક્તરાજ ઝબકીને જાગ્યો અને આશાપ્રસાદને સાથે લઈ દરવાજા તરફ ગયો. ખરેખર, રાક્ષસ બારણે તાળું મારવાનું જ ભૂલી ગયો હતો! એટલે ભક્તરાજ અને આશાપ્રસાદે ધક્કો મારીને ધીમેથી બારણું ઉઘાડ્યું.

બારણું ખૂબ સજ્જડ હોવાથી ઊઘડતાં તેનો અવાજ થયો. એ અવાજ સાંભળીને રાક્ષસ જાગી ગયો અને પોતાનો દંડો લઈને ભક્તરાજ અને આશાપ્રસાદ પાછળ દોડ્યો. પરંતુ એવામાં તેને એકાએક પાછી ચકરી આવી ગઈ અને તે ભોંય પર પટકાઈ પડ્યો.

આ તકનો લાભ લઈને ભક્તરાજ અને તેનો સાથી ઝડપભેર રાક્ષસની ભૂમિમાંથી બહાર નીકળી ગયા અને પોતાના ખરા માર્ગે થોડી વારમાં આવી પહોંચ્યા.

તેઓ આગળ ને આગળ જવા લાગ્યા. છેવટે તેઓ 'આનંદ પર્વત' પાસે આવ્યા. ત્યાં ઉપર જઈને જુએ છે તો બધે બાગબગીચા, મોટી મોટી વાડીઓ અને ખળખળ

વહેતાં ઝરણાંઓ આંખને ઠારે એવાં હતાં. ભક્તરાજ અને આશાપ્રસાદ આનંદથી પુલકિત બની ગયા. બંને જણાએ ઝાડ પરથી ફળ તોડીને પેટ ભરીને ખાધું, ઝરણાંનું શીતળ જળ પીધું અને હાથપગમોં ધોઈને થોડી વાર વિસામો લેવા બેઠા.

આનંદ પર્વત પર ભલા અને પ્રભુપ્રેમી ભરવાડો રહેતા હતા. એ ભરવાડોને એ લોકોની જાણ થઈ; એટલે તેઓ એમને સત્કારવા ત્યાં આવી પહોંચ્યા. એમના મુખ્ય ભરવાડે ભક્તરાજ અને તેના સાથીને અજાયબી પમાડે એવી કેટલીક



વસ્તુઓ બતાવી. પ્રથમ તેમને એક શિખર પર લઈ જઈ એ ભરવાડે નીચેની ઊંડી ખાઈ બતાવી.

ખાઈમાં કેટલાય માણસોનાં હાડકાંનો ઢગ પડ્યો હતો! એ તરફ બતાવીને ભરવાડે કહ્યું : "આ બધું માણસને બોધપાઠ આપે છે કે, કોઈએ આંખ બંધ કરીને ખૂબ ઊંચે ને ઊંચે ચડવું ન જોઈએ અને પર્વતના છેક છેડા સુધી ધસી જવું ન જોઈએ. સૌએ પોતપોતાની મર્યાદા સમજવી જોઈએ. આ શિખરનું નામ છે. 'સરતચૂક'."

પછી એ ભરવાડ તેઓને બીજા શિખર પર લઈ ગયો. તેનું નામ હતું 'સાવધાન'. ભરવાડે ભક્તરાજ અને તેના સાથીને દૂર દૂર લાંબે સુધી જોવા કહ્યું.

બંનેએ દૂર નજર નાખી જોયું, તો કેટલાક માણસો આમ તેમ ભટકતા ફરતા હતા અને વારે વારે ખાડાઓમાં ગબડી પડતા હતા! તેમને બતાવી ભરવાડે કહ્યું: "આ લોકો અંધ છે. તેઓ આમ હમેશ ભટક્યા કરે છે!"

ભક્તરાજે પૂછ્યું: "પણ તેઓની આવી દશા શી રીતે થઈ?"

ભરવાડ—"તમે એ બાજુ ઘાસવાળી જગ્યા જુઓ છો?"

ભક્તરાજ—"હા."

ભરવાડ—"એ ઘાસવાળી જગ્યા પાસેથી પસાર થતી કેડી દુઃખાસુર નામના રાક્ષસના સ્થાન તરફ જાય છે. કેટલાય જાત્રાળુઓ એ સુંદર અને સીધેસીધી પસાર થતી કેડીથી છેતરાઈ જઈને એ માર્ગે આગળ વધે છે અને

રાક્ષસના પંજામાં સપડાઈ જાય છે. પછી તે દુષ્ટ રાક્ષસ તેઓને ખૂબ દુઃખ દઈને આંધળા બનાવી આમ ભટકતા મૂકી દે છે!"

આ સાંભળી ભક્તરાજ અને આશાપ્રસાદ એકબીજાની સામે જોવા લાગ્યા અને તેમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તેમને થયું કે, જો તેઓ ત્યાંથી છટકી ન શક્યા હોત, તો તેઓની પણ આવી જ દશા થાત! તેઓ મનમાં પ્રભુનું અહેસાન માનવા લાગ્યા.

પછી ભરવાડે તેમને 'મુક્તિમાર્ગ' નામના શિખર પર લઈ જઈને દૂર દૂર જોવા કહ્યું. ભક્તરાજ અને આશાપ્રસાદે ખૂબ દૂર એક રમણીય સ્થળ જોયું.

ભરવાડે કહ્યું: "એ જ પરમ ધામે તમારે જવાનું છે. તમે એ બાજુ સીધા ચાલ્યા જાઓ. પરંતુ રસ્તામાં તમને ઘણું કરીને શઠરાય નામનો માણસ કદાચ મળશે. તેના કહેવા પર ભરોસો રાખી અવળે રસ્તે દોરાઈ ન જતા. ઠીક હવે, એ પરમ માર્ગે જાઓ. ભગવાન તમને સહાય કરે."

ભક્તરાજ અને આશાપ્રસાદ એ ભલા ભરવાડોની રજા લઈ તેમને નમન કરીને આગળ ચાલવા લાગ્યા. આગળ જતાં રસ્તો બે માર્ગે ફંટાતો હતો. અહીં તેઓ મૂંઝાઈ ગયા અને કયે માર્ગે ભરવાડે જવાનું કહ્યું હતું એ ભૂલી ગયા! એવામાં ત્યાં એક માણસ આવી પહોંચ્યો. તેનો રંગ શ્યામ વર્ણનો હતો અને તેણે લાંબો સફેદ ઝભ્ભો પહેર્યો હતો. તે આવીને પૂછવા લાગ્યો: "દોસ્તો, તમે

બહુ ભલા લાગો છો. તમારે ભગવાનના ધામ તરફ જવું છે ને? હું પણ ત્યાં જ જાઉં છું. તમે બે મળ્યા, એટલે મને ખૂબ આનંદ થાય છે. એક કરતાં ત્રણ ભલા. હવે તમે મારી સાથે ચાલો. મને રસ્તો બરાબર માલૂમ છે.''

ભક્તરાજ અને તેનો સાથી એ અજાણ્યા માણસની વાત સાંભળીને રાજી થયા અને તેની સાથે આગળ જવા લાગ્યા.

પરંતુ થોડે દૂર જતાં ભક્તરાજ અને આશાપ્રસાદ જમીન પર પાથરેલી જાળમાં એકાએક સપડાઈ પડ્યા! તેઓ એ જાળમાં એવા તો લપેટાઈ ગયા કે, હવે શું કરવું અને શું નહીં એ તેમને સૂઝ્યું નહીં.

એવામાં પેલા માણસના શરીર પરથી સફેદ ઝભ્ભો નીચે સરી પડ્યો. એટલે તેને એના ખરા સ્વરૂપમાં જોઈને ભક્તરાજને લાગ્યું કે, તે જરૂર શઠરાય જ હોવો જોઈએ! અને શઠરાય 'હા....હા....હા....હા....' કરતો જોરથી હસતો હસતો એ બંનેને જાળમાં સપડાયેલા મૂકીને ત્યાંથી આગળ ચાલતો થયો.

## ૧૬

# દિવ્ય ધામમાં

ભક્તરાજ અને આશાપ્રસાદ એ જળમાંથી બહાર નીકળવા ખૂબ મથામણ કરવા લાગ્યા. પરંતુ તેઓ જેમ જેમ વધારે પ્રયત્ન કરવા લાગ્યા, તેમ તેમ વધારે ગૂંચવાતા ગયા! ભક્તરાજ અકળાઈને બોલી ઊઠ્યો: "અરે, આ તો ભારે થઈ! આમાંથી હવે બહાર શી રીતે નીકળાશે?"

આશાપ્રસાદ તેને આશ્વાસન આપતો કહેવા લાગ્યો: "ભક્તરાજ, આમ હતાશ થઈ જવાની કશી જરૂર નથી. આવી મુશ્કેલીની વેળાએ જ્યારે મનુષ્યનો પ્રયત્ન નિષ્ફળ જાય છે, ત્યારે ઈશ્વરનું શરણું એ જ એનો તરણોપાય છે. માટે અકળાઈ જવાને બદલે શાંતિથી પ્રભુનું સ્મરણ કર્યાં કરો. પ્રભુ ભક્તવત્સલ છે. ભક્તની લાજ કોઈ વાર જતી નથી. પ્રભુ ભક્તની વહારે ધાય જ છે."

એટલે બંને જણા આંસુભરી આંખોએ નમ્રતાથી પ્રભુને પ્રાર્થવા લાગ્યા. ભક્તરાજ પ્રાર્થના સાથે ભજન પણ ગાવા લાગ્યો:

"ચઢી તુજ બાળની વહારે નિવેડો લાવી તું દેજે,
પતિતપાવન તને જાણી, પ્રભો! શોધ્યું શરણ તારું;
કૃપા-સોપાન તારાથી, ઉપર ચઢવાનું મન ધારું.
લપસણો માર્ગ છે ભારે, જરા બેધ્યાન જો થાતો;
પડું લથડી હું તો આવું, કૃપાથી શુદ્ધિમાં ત્યાં તો.

ઊતર-ચઢની વિમાસણની, થતી ઉર વેદના ભારે;
લળી લળી શિર નામીને, તને પૂછ્યા કરું ત્યારે.
મથામણ આવી ને આવી મહીં દિન સૌ વહી ચાલ્યા;
મને એનોય હૈયે છે અજંપો ઉર કરે સાલ્યા.
અવધિ આવી રહેશે તે, પ્રભુ! આની હવે કયારે?
નિવેડો લાવી તું દેજે, ચઢી તુજ બાળની વહારે."

એવામાં થોડી વાર પછી એક દેવપુરુષ ત્યાં આવી પહોંચ્યો. તેણે એ બંનેને પૂછ્યું: "તમે કયાંથી આવો છો? અને અહીં શી રીતે ફસાઈ પડયા?"

ભક્તરાજ—"હે ભગવન્, અમે તો 'વિનાશની નગરી'ના રહેવાસી છીએ. પ્રભુના દિવ્ય ધામ તરફ જવા નીકળ્યા છીએ. શઠરાય નામના લુચ્ચા માણસે અમને અહીં જાળમાં ફસાવ્યા છે. તે બહારથી સજ્જન જેવો લાગતો હતો. એટલે અમે મોહવશ થઈ ભુલાવામાં પડી ગયા!"

દેવપુરુષ—"એમ વાત છે? અરે, એવા ઘણા શઠ લોકો આ દુનિયામાં સજ્જનનો વેશ ધારણ કરીને ફરતા હોય છે. એવા લોકોથી સદા ચેતતા રહેવું જોઈએ. બહારના ભભકભર્યાં તેજથી, ઠાઠમાઠથી લોભાઈ ન જવું જોઈએ."

પછી એ દેવપુરુષે બંનેને બંધનમુક્ત કર્યાં અને કહ્યું: "તમે મારી પાછળ પાછળ આવો." અને થોડી વારમાં તો તેઓ ખરે માર્ગે આવી પહોંચ્યા.

પછી દેવપુરુષ ત્યાં થોભ્યો અને ગંભીર અવાજે બોલ્યો: "તમે રાતે કયાં સૂતા હતા?"

બંને—"પર્વત પર રહેતા ભરવાડો સાથે."

દેવપુરુષ—"તમને ભરવાડોએ સૂચના નહોતી આપી? તેઓએ શઠરાય વિષે ચેતવણી આપી હતી કે?"

બંને—"હા જી. પણ એ શઠરાય એટલી મીઠાશથી બોલતો હતો અને એનો દેખાવ પણ એવો હતો કે, અમને લેશમાત્ર પણ શંકા ન આવી!"

થોડી વાર થોભીને પછી દેવપુરુષે કહ્યું: "હે માનવી! પ્રભુનો આદેશ તું જાણે છે કે? 'હું તને ચાહું છું એટલે જ તને ઠપકો આપું છું. તારા પર મને પ્રેમ છે એટલે જ તને આમ સજા કરું છું. તને હું મારો પોતાનો ગણું છું એટલે જ તને રડાવું છું. તું સાચે માર્ગે ચાલતો હોય, હું તને જે તારા ભલાનું કહું છું તે તું આચરતો હોય; તારું



શ્રેય જેમાં રહેલું છે એ તું સમજતો હોય અને તે પ્રમાણે વર્તતો હોય; તો હું તને છાતીસરસો ચાંપું. પરંતુ જો તું વિમાર્ગે જતો હોય, મારા સદુપદેશનું ઉલ્લંઘન કરતો હોય, તો તારા તરફના મારા પ્રેમને લીધે હું તને ઠપકો આપીશ, વઢીશ, રડાવીશ. માટે સાવધ થઈ જઈને, પશ્ચાત્તાપ કરીને સાચે માર્ગે ચાલી મને અનુસર.' "

થોડી વાર અટકીને પછી દેવપુરુષે તેઓને કહ્યું: "હવે તમે આગળ જાઓ અને ભરવાડે તમને જે જે સૂચનો કર્યાં છે તે ધ્યાનમાં રાખજો."

ભક્તરાજ અને આશાપ્રસાદ દેવપુરુષનો આભાર માની પ્રણામ કરી આનંદ પામતા આગળ ચાલ્યા.

થોડી વારમાં જ તેઓ સુંદર પ્રદેશમાં આવી પહોંચ્યા. બધે આનંદ આનંદ છવાયેલો હતો અને રંગબેરંગી પુષ્પોની સુવાસ હૃદયને પુલકિત કરતી હતી. પંખીઓ મધુર અવાજે ગીતો ગાતાં ઊંચે ઊડી રહ્યાં હતાં. બધે દિવ્યતા વ્યાપી ગઈ હતી.

એવામાં બે ભદ્ર પુરુષો સુવર્ણની માફક પ્રકાશતાં દિવ્ય વસ્ત્રોમાં સુસજ્જિત થયેલા ત્યાં આવી પહોંચ્યા. તેઓએ ભક્તરાજ તેમ જ એના સાથીને બધા સમાચાર પૂછ્યા. પછી તેઓ બોલ્યા: "હજી તમારા માર્ગમાં મુશ્કેલીઓ આવશે. ત્યાર બાદ તમે દિવ્ય ધામમાં દાખલ થઈ શકશો." પછી તેઓ બધા સાથે આગળ ચાલવા લાગ્યા.

આગળ જતાં દિવ્ય ધામમાં પ્રવેશવાના દ્વારને રસ્તે થોડે દૂર એક મોટી નદી આવી. તેના ઉપર ક્યાંય પુલ ન હતો. ભક્તરાજ અને આશાપ્રસાદ તો ખળખળ અવાજ કરતી ઝડપભેર વહેતી મોટી નદીને જોઈને જ મૂંઝાઈ ગયા. પેલા બે ભદ્ર પુરુષોએ કહ્યું: "તમારે આ નદી ઓળંગીને પેલા દ્વાર આગળ પહોંચવાનું છે."

ભક્તરાજ તો ગભરાઈ ગયો. તે આશાપ્રસાદને કહેવા લાગ્યો: "આવી ભયાનક નદી શી રીતે ઓળંગી શકીશું? ક્યાંય પુલ જેવું પણ દેખાતું નથી! એમાં જો ઝંપલાવીએ તો જીવતા બહાર નીકળી શકાય એમ લાગતું નથી."

પણ આશાપ્રસાદે તેને હિંમતપૂર્વક ઝંપલાવવા કહ્યું. બંનેએ ધોધમાર વહેતી નદીમાં પ્રભુને ભરોસે ઝંપલાવ્યું. નદીનો વેગ એટલો ઝડપી હતો કે ભક્તરાજ તો તણાવા લાગ્યો! તે બૂમ પાડી ઊઠ્યો: "હે ભગવાન! આ ઊંડાં પાણી મને તાણી જાય છે! મને બચાવો!" પરંતુ આશાપ્રસાદ તેને હિંમત આપતો રહ્યો. અને થોડી વારમાં તેઓ હેમખેમ બહાર નીકળ્યા.

સામે કિનારે તેઓએ પેલા બે ભદ્ર પુરુષોને ઊભેલા જોયા. તેઓ બંનેએ ભક્તરાજ અને આશાપ્રસાદને આગળ પ્રયાણ કરવા કહ્યું.

હવે એ દિવ્ય ધામને માર્ગે એક ઊંચો દુર્ગમ ડુંગર આવ્યો. પરંતુ બંને જણા હિંમતભેર એ ડુંગરાને પણ વટાવી ગયા. અને થોડી વારમાં જ તેઓ દ્વાર પાસે આવી પહોંચ્યા.

ચોપડીનું મૂળ નામ, ગુજરાતીમાં અનુવાદ કરીને કહું તો, 'જીવાત્માની ધર્મયાત્રા' છે. આપણે આ જગતમાં મુસાફર છીએ; પ્રભુધામથી નીકળ્યા છીએ ખરા, પણ ભવાટવીમાં ભૂલા પડ્યા છીએ, તેથી તે ધામે — સ્વધામે પાછા ફરવા મથીએ છીએ. આ યાત્રાનો હેવાલ આપવાની શૈલીમાં બનિયને તેની આ રૂપકકથા લખી છે. એમ એણે જીવાત્માનાં વિકાસ અને ઉન્નતિની આંતરકથા કહી છે.

આ કથા બનિયનને પોતાના જીવન-માંથી જડેલી — જાતઅનુભવની હતી. તેથી તેના જ જીવનનો હેવાલ આપતી રૂપકકથા તે હતી. આ જાતની સત્ય-નિષ્ઠાને લઈને આ કથા અંગ્રેજી સાહિત્યમાં એક ચીજ તરીકે પંકાઈ છે.

['પ્રકાશકનું નિવેદન'માંથી